# ક્ષમાપના

મુનિશ્રી જિનચન્દ્રજી મહારાજ



# ક્ષમાપના

પ્રવચનકાર

મુનિશ્રી જિનચન્દ્રજી
(બંધુત્રિપુટી)

પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ : તીથલ, ભારત

**KSHMAPANA**

A discourse on forgiveness by

**MUNISHREE JINCHANDRA VIJAYJI**

**First Edition, 1984**

**Tenth Edition, 2011**

**Copy : 1000**

**Prize : Rs. 30/-**

**Typesetting**

Pravin Desai

Ahmedabad Ph. 26461997

**Printer**

Urmi Printers

Ahmedabad. Ph. 25620838

**Publisher**

PRERNA PRAKASHAN TRUST

Shantidham Aradhana Kendra

Tithal, Dist. : Valsad, Gujarat.

Pin 396 006 INDIA

Phone : (02632) 255874

Web Site : www.jinjimaharaj.com

# પ્રકાશકીય

મુંબઈમાં પર્યુષણ પ્રસંગે હજારોની મેદની સમક્ષ બંધુત્રિપુટી મુનિશ્રી જિનચંદ્રજી મહારાજે 'ક્ષમાપના' વિષે જે હૃદયસ્પર્શી પ્રેરક પ્રવચનો આપેલા તે પ્રવચનોના આધારે પ્રસ્તુત પુસ્તિકાનું પ્રકાશન ૧૯૮૪માં અમે પ્રથમ વાર કર્યું હતું. ગુજરાતી ભાષામાં આ પુસ્તિકાની અત્યાર સુધીમાં નવ આવૃત્તિઓ પ્રગટ થઈ ચૂકી છે અને લગભગ એક લાખ થી વધુ કોપી જીજ્ઞાસુઓના હાથોમાં પહોંચી ચૂકી છે એ જ તેની લોકપ્રિયતા અને અસરકારકતાનો પૂરાવો છે.

જેમ આ પ્રવચન શ્રવણથી અનેક કુટુંબોમાં કળવાશને બદલે હળવાશની હવા વહેતી થઈ છે, ક્ષમાના સાચા આદાન પ્રદાન થયા છે અને વેર ઝેરના સ્થાને અંતરમાં પ્રેમ અને ક્ષમાનાં તોરણ બંધાયા છે તેમ એ પ્રવચનના અક્ષરદેહસમી આ પુસ્તિકાનું વાંચન પણ એવું જ પ્રેરણાદાયી બન્યું છે.

આ દશમી આવૃત્તિનું પ્રકાશન અત્યંત ટૂંકા સમયમાં સુંદર રીતે કરી આપવા બદલ ઉર્મિ પ્રિન્ટર્સ, અમદાવાદના માલિક શ્રી મહેશભાઈ બી. પટેલનો અમે વિશેષ આભાર માનીએ છીએ. આ પુસ્તકના પ્રકાશનમાં તન, મન, ધનથી સહયોગી બનનાર સર્વેના અમે આભારી છીએ.

વાચકો આ પુસ્તિકાને પણ પૂજ્યશ્રીના અન્ય સાહિત્યની જેમ જ ઉમળકાથી વધાવી લેશે એવી શ્રદ્ધા સાથે,

**ટ્રસ્ટી મંડળ, પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ**

"जो उवसमई तस्स अत्थि आराहणा ।
जो न उवसमई तस्स नत्थि आराहणा ।।"

– कल्पसूत्र

પર્વ પર્યુષણનો સંદેશ એક જ છે : ક્ષમાપના.

ક્ષમા રાખો, ક્ષમા માંગો અને ક્ષમા આપો.

આ ત્રણ તબક્કે જેને ક્ષમા ધર્મની સાધના કરતા આવડે છે

એનો તપ લેખે લાગી જાય છે.

એનાં વ્યાખ્યાન શ્રવણ સફળ બની જાય છે.

એનાં પ્રતિક્રમણ પાપનાશક બને છે.

જેને ક્ષમા રાખવી નથી,

થયેલા અપરાધોની નમ્ર બનીને ક્ષમા માંગવી નથી,

અને હૈયાને ઉદાર બનાવીને

અપરાધીને પણ ક્ષમા આપવી નથી,

તે કદાચ બધું જ કરતો હશે તો પણ

એનો આત્મવિકાસ અટકી ગયા વગર રહેતો નથી.

જ્ઞાનીપુરુષોની દ્રષ્ટિએ

એ જિનશાસનની બહાર મૂકાઈ જાય છે.



कृतापराधेऽपि जाने कृपामन्थरतारयोः ।
ईषद् बाष्पार्द्रयोर्भद्रं, श्रीवीर जिननेत्रयोः ।।

ભગવાન શ્રી મહાવીર દેવની સ્તુતિ કરતાં, કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય, ભગવાનના જીવનની એક બહુ જ મહત્ત્વની વાત આ શ્લોકમાં કરી રહ્યા છે.

"જે લોકોએ પોતાના પ્રત્યે અપકારો કર્યા છે, અપરાધો કર્યા છે, અનાદર અને અવહેલના કરી છે એવા આત્માઓ પ્રત્યે પણ કરુણાનાં આંસુઓથી ભીનાં બનેલાં પ્રભુ મહાવીરનાં નેત્રો આપણું હંમેશાં કલ્યાણ કરનારા બની રહો."

કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, ભગવાન મહાવીરની સાડા બાર વરસની સમગ્ર સાધનાના પરિણામ રૂપે બીજી કોઈ બાબતનો ઉલ્લેખ

ન કરતાં અહીં ભગવાનની કરુણાની વાત કરે છે. પ્રભુની સાધના અને કરુણા અહીં આપણને પરાકાષ્ટાએ પહોંચતી દેખાય છે.

અપરાધીઓ પ્રત્યે પણ જેમણે ઉત્કૃષ્ટ પ્રેમભાવ જ વહાવ્યો છે, જેમના હૈયાનું સરોવર પ્રેમ અને કરુણાથી છલકાઈ ઊઠયું છે એવા પ્રભુ મહાવીરના પરિચયમાં જે જે આત્માઓ આવ્યા, એમાંના ઉપકારી આત્માઓને જ નહિ પણ અપકારી આત્માઓને પણ એમણે કરુણાના જળથી તરબોળ કર્યા છે. પાપોથી અને દુર્ભાવોથી મલીન બનેલા એ આત્માઓ પ્રત્યે પણ કરુણાની ગંગા વહાવીને પ્રભુએ એ સૌને પાવન કર્યાં છે.

એ જ ભગવાન મહાવીરે સ્થાપેલા આ ધર્મશાસનમાં પર્યુષણ પર્વની આરાધના કરવા તૈયાર થયેલાં આપણે, ભગવાન મહાવીરની આ કરુણા, એમનું આ વાત્સલ્ય અને એમની આ ક્ષમાના ત્રિવેણી સંગમનો આદર્શ જીવનમાં અપનાવી લઈએ તો આપણી આ આરાધનાઓ સફળ થયા વિના રહે નહિં.

પર્યુષણ પર્વનો પ્રાણ હોય કે ભગવાન મહાવીરના સેવકપણાનું કોઈ પરિણામ હોય તો આ એક જ છે કે તમારા હૃદયને વધુ ને વધુ વાત્સલ્યભીનું બનાવો, કરુણાથી છલકાવો અને ક્ષમા ભાવથી ભર્યું ભર્યું બનાવો. જ્યાં સુધી કોઈપણ જીવાત્મા પ્રત્યે દુર્ભાવ છે, વેરભાવ છે, અણગમાનો ભાવ છે, ત્યાંસુધી ભગવાન મહાવીર સાથે સાચો સંબંધ બંધાઈ શકતો નથી.

પર્યુષણપર્વની આરાધના કરવા ઘણા તૈયાર થયા છે, અનેક આત્માઓએ તપસ્યાઓ આદરી દીધી છે. વ્યાખ્યાનોમાં ભીડ વધી રહી છે. પ્રતિક્રમણમાં લાઈનો લાગે છે. દહેરાસરોમાં પણ એ જ સ્થિતિ છે.

આપણે બધું જ કરીશું - પ્રતિક્રમણો કરીશું, ભગવાનની પૂજાઓ કરી લઈશું, તપશ્ચર્યાઓ પણ કરીશું. પરંતુ જો હૃદયની અંદર કષાયોની આગ ઠરી નહિ હોય, અંતરના વેરઝેરની ગાંઠોને છોડી નહિ હોય તો આપણી આ બધી ધર્મ આરાધનાઓ નિષ્પ્રાણ બની રહેશે, શૂન્યમાં પરિણમશે.

જૈન શાસનનો પહેલો આદર્શ છે ખમો અને ખમાવો.

ક્ષમા એ પર્યુષણ પર્વનો પ્રાણ છે.

ક્ષમા એ આપણો મુખ્ય આદર્શ છે.

સંવત્સરીની આરાધના કરવા તૈયાર થયેલો આત્મા પોતાની આરાધનાને ત્યારે જ સફળ કરી શકે કે જ્યારે એ સમ્યક્ દર્શનના પ્રકાશને પ્રાપ્ત કરી લે અને જ્યાં બાર મહિનાથી વધુ વેરઝેરની ગાંઠો હૈયામાં રહે છે ત્યાં સમ્યગ્દર્શનનો પ્રકાશ કાં તો આવ્યો નથી અને આવ્યો હોય તો ટકતો નથી, એમ આપણા જ્ઞાની પુરુષો કહે છે.

સમ્યગ્દ્રષ્ટિ આત્માને કોઈ પણ જીવ સાથે વૈર વિરોધ હોય નહિ. કદાચ અનાદિકાળના કોઈ સંસ્કારને કારણે વૈર વિરોધ થઈ ગયા હોય તો એને વહેલી તકે શમાવી દીધા વિના એ રહે નહિ, આવી નિષ્કષાય ભાવની સ્પર્શના પામે એનું જ નામ સમ્યગ્દ્રષ્ટિ આત્મા.

જેમ સારો સટ્ટોડિયો સટ્ટો લગાડવા ગમે એટલા ધંધા કરતો હોય પણ જો એને એમ લાગે કે આજે ખોટનો ધંધો થઈ ગયો છે, બજાર ડાઉન થતું જાય છે, તો એ સટ્ટોડિયો પોતાનો સોદો કાપી નાંખ્યા વિના સૂએ નહિ. એમ સમ્યગ્દ્રષ્ટિ આત્મા બને ત્યાં સુધી કોઈ દિવસ વૈર વિરોધ ઊભા કરે નહિ પણ કદાચ થઈ ગયા હોય તો ય

એને વહેલી તકે કાપી નાંખ્યા વિના, શમાવી દીધા વિના રહે નહિ, વેરની પરંપરા એ ચલાવે જ નહિ.

ને કદાચ એ પરંપરા ચાલી, સંધ્યા સમયના પ્રતિક્રમણ વખતે પણ એ વેરની ગાંઠ કદાચ ન ઓગળી કે રાત્રિ પ્રતિક્રમણની અંદર પણ એ ગાંઠ ન ઓગળી, એ કષાયો કદાચ ન શમ્યા, તો જ્ઞાની પુરુષોએ કહ્યું છે કે, પખ્ખીના દિવસે ખમાવ્યા વિના રહેતા નહિ. તમારા હૃદયમાં પંદર દિવસથી વધુ કષાયોને સ્થાન આપતા નહિ. પણ એ ય કદાચ શકય ન બન્યું. પંદર દિવસ પણ નીકળી ગયા, પખ્ખીનો દિવસ આવી ગયો, છતાં પણ આપણે કષાયોની ક્ષમાપના કરી નહિ, હૃદયને વિશુદ્ધ બનાવ્યું નહિ તો શું કરવું હવે?

જ્ઞાની પુરુષોએ કરુણા કરીને કહ્યું છે કે હજી તમારા સમ્યગ્દર્શનને અમારે ઝૂંટવી લેવું નથી. પખ્ખીએ ન ખમાવ્યું તો કોઈ વાંધો નહિ, ચોમાસી ચૌદશ આવે ત્યારે તો આત્મ નિરીક્ષણ કરી જ લેજો ને ચાર મહિને તો અંદરની વેરઝેરની ગાંઠને ઓગાળી જ નાંખજો. પરસ્પર ક્ષમાપના કરીને હૃદયને વિશુદ્ધ બનાવી દેજો. પરંતુ એ અવસર પણ ચૂકી ગયા, ચોમાસીમાં પણ ક્ષમાપનાનું આ કામ કરવાનું ન સૂજ્યું તો જ્ઞાની પુરુષોએ છેલ્લી એક તક આપી કે તમે તમારું સમ્યગ્દર્શન અને જિનેશ્વર ભગવાનના શાસનનું સભ્યપદ હજી પણ કાયમ રાખી શકો તેમ છો.

## તો સમ્યક્ત્વ સલામત રહેશે

પર્વાધિરાજ પર્યુષણ પર્વ આવ્યા અને તેનો છેલ્લો દિવસ સંવત્સરી આવે છે, બાર મહિનામાં ફકત એક જ દિવસ. એનું અવલંબન લઈને પણ તમે જો તમારા હૃદયને વિશુદ્ધ કરી નાખો,

તમામ જીવો સાથે મૈત્રીનો હાથ લંબાવી દો, વેરઝેરને ઓગાળી દો, તો તમે સંવત્સરીના દિવસે પણ આરાધક બની ગયાં. તમારું સમ્યગ્દર્શન સલામત રહી ગયું પણ સંવત્સરીનો દિવસ આવ્યો છતાં પણ જો એ અવસર ચૂકી ગયાં, "ના હું અઠ્ઠાઈ કરીશ, પ્રતિક્રમણ કરીશ, વ્યાખ્યાન સાંભળીશ, ભગવાનની પૂજા કરીશ, પણ ફલાણાની સાથે તો નહિ જ બોલું." એવી ગાંઠ જો મનમાં રહી ગઈ તો સમજી રાખજો કે તમારી એ અઠ્ઠાઈઓ તમને નહિ તારે, એ તમારી પૂજાઓ લેખે નહિ લાગે, એ તમારી આરાધનાઓ તમને ઉગારવા સમર્થ નહિ બને.

ભગવાનને પૂજવા છે ને ભગવાનની સમતાને અપનાવવી નથી તો એ પૂજા કેવી કહેવાય ? કષાયોને સલામત રાખીને શું આપણે ભગવાનને માત્ર ટીલાં ટપકાં જ કર્યા કરીશું ?

ભગવાને તો ક્ષમા ધર્મનો ઉચ્ચ આદર્શ આપ્યો છે. સંગમ દેવ જેવો ભયંકર ઉપસર્ગો વરસાવતો આવ્યો, પ્રભુને રંજાડવામાં કંઈ બાકી ન રાખ્યું તો પણ ભગવાન મહાવીરે એને ય કરુણાના શીતલ જલથી નવડાવી દીધો. ગોશાળો ગાળ દેતો આવ્યો, પ્રભુએ એનો ય હાથ ઝાલીને એને સદ્‌ગતિએ મોકલી દીધો. ચંડકૌશિક સાપ ફૂંફાડા મારતો આવ્યો, બટકાં ભરતો આવ્યો, મારવાના પ્રયત્નો કરતો રહ્યો, પ્રભુએ એને પણ વાત્સલ્યથી અને પ્રેમથી શાંત કરી દીધો.

ભગવાન મહાવીરે એક જ આદર્શ સતત આપ્યો છે કે આગની સામે આગ થશો નહિ. સામો માણસ જો આગ બને તો તમે પાણી બની જજો. એના અંતરમાં સળગતી કષાયોની આગને ઠારી જ દેજો.

સામો થાય આગ તો તમે થજો પાણી
આ એક જ છે પ્રભુ વીરની વાણી

આ વાત જો આપણે હૈયે બેઠી નહિ તો આપણે ભગવાન મહાવીરના ધર્મ શાસનને પામ્યા એમ વ્યવહારથી ભલે કહેવાઈએ, પણ જ્ઞાની પુરુષોની દ્રષ્ટિમાં આપણે જિનશાસનની બહાર મૂકાઈ ગયા વિના રહેતા નથી.

જૈન તત્ત્વજ્ઞાનની દ્રષ્ટિએ હૃદયમાં કષાયભાવો બારમાસથી વધુ સમય રહે એટલે એ કષાયો અનંતાનુબંધીના થઈ ગયા કહેવાય. અનંતાનુબંધીનો કષાય જયાં હોય ત્યાં મિથ્વાત્વ મોહનીયનો ઉદય આવ્યા વિના રહે જ નહિ અને મિથ્યાત્વ આવ્યું, સમ્યકૃત્વ ગયું, એટલે ભગવાનના શાસનનું સભ્યપદ તમે ગુમાવ્યું.

જે કોઈ આત્મા સમ્યગ્દર્શન પામ્યા કે એથી આગળ વધ્યા એ બધા જ ભગવાનના શાસનના સભ્ય બની ગયા છે. પણ જે ત્યાંથી ગયા, જેણે સમ્યગ્દર્શન પ્રાપ્ત નથી કર્યું, કે પ્રાપ્ત કર્યા પછી સુરક્ષિત રાખવાની ચિંતા નથી કરી અને જેણે પોતાના કષાયોને ઓગાળ્યા નથી એને માટે જ્ઞાની પુરુષો કહે છે કે તાત્ત્વિક દ્રષ્ટિએ તો હવે તું જિનશાસનની બહાર મૂકાઈ ગયો.

ભગવાનના શાસનને પામીને ધર્મની સાધના કરતાં કોઈ પણ આત્માનું લક્ષ્ય એક જ હોવું જોઈએ કે મારે આ સંસારમાં રખડાવનાર તત્ત્વો રાગ અને દ્વેષને નિર્મૂળ કરી નાંખવા છે. કષાયોને શાંત કરી દેવા છે.

રાગ અને દ્વેષને જે સંપૂર્ણ પણે જીતી લે એનું જ નામ જિન. અને એવા જિનનો જે અનુયાયી, તે રાગ દ્વેષને જીતવાની જે સાધના કરે તે સાચો જૈન.

જૈનત્વ એ બાપદાદાની પરંપરાગત માલિકીની કોઈ ચીજ નથી. જૈનત્વ એ વાણિયાઓને જ મળેલો કોઈ વરસો નથી. જૈન ત્વ કેવળ જૈન કૂળમાં જન્મવા માત્રથી મળી જતું નથી.

જૈન એ જ કહેવાય કે જે જિનનો અનુયાયી હોય.

જિન એ જ કહેવાય કે જે રાગ અને દ્વેષના વિજેતા હોય.

રાગ અને દ્વેષને જીતનારા ભગવાન જિનનો અનુયાયી પણ રાગ અને દ્વેષને જીતવાના સંકલ્પવાળો હોવો જોઈએ.

## રાગ અને દ્વેષની સામે લડે તે જૈન

જીવન જીવતી વખતે જે આત્માએ આ આદર્શને સ્વીકાર્યો નથી કે પોતાના તીવ્ર રાગ દ્વેષને ઓગાળી દીધા નથી, એ સાચા અર્થમાં જિનનો અનુયાયી બની શકતો નથી, અને જે જિનનો અનુયાયી નથી બનતો એને જૈન કેમ કહેવાય ?

જૈન એ કહેવાય કે જે સતત રાગ અને દ્વેષની સામે લડાઈ કરવા માટે તૈયાર હોય, એના મનમાં એમ જ હોય કે મારે રાગ દ્વેષની સામે વિજય મેળવવો છે. રાગ અને દ્વેષ મને મહાત કરે એ વાતમાં કોઈ માલ નથી. ભગવાન જિનેશ્વર દેવનો અનુયાયી હું, રાગ દ્વેષનો નાશ કરી નાખ્યા વિના રહીશ નહિ. આ ખુમારી સાથે, કર્મ સત્તાની સામે અને અનાદિકાળથી અંતરમાં પડેલી દુષ્ટ વૃત્તિઓની સામે જે યુદ્ધ માંડી દે છે અને એ યુદ્ધની અંદર જે હિંમતપૂર્વક રાગ અને દ્વેષની સામે કે મોહ અને અજ્ઞાનની સામે લડતો રહી વિજય મેળવતો રહે છે એની ઉપર જૈનત્વનો અભિષેક થયા વિના રહેતો નથી.

જૈન માત્રનું લક્ષ્ય એક જ, રાગ અને દ્વેષને જીતવા તે.

આપણા આરાધ્ય જિનેશ્વર દેવોએ જૈન માત્રનું લક્ષ્ય એક જ આપ્યું છે, અને તે છે વીતરાગતા.

સતત નજર સામે વીતરાગનું અને વીતરાગતાનું લક્ષ્ય રાખીને જીવો. સંપૂર્ણ વીતરાગતા આજે ને આજે કંઈ મળે એમ નથી, પણ વીતરાગતા જ્યાં સુધી ન મળે ત્યાં સુધી કષાયોની શાંતિ તો થવી જ જોઈએ. રાગ દ્વેષ સંપૂર્ણપણે કદાચ ન ઓગળે પણ એ ઉપશાંત તો થવા જ જોઈએ. એટલે વીતરાગતાને પામવાના લક્ષ્ય સાથે જીવન જીવતો સાધક આત્મા એની પહેલાં પોતાનું એક લક્ષ્ય બાંધે છે કે મારે મારા કષાયોને શાંત કરી નાખવા છે, ઉપશાંત કરી નાખવા છે, એ કષાયોને ઠારવા માટે, એ કષાયોના ઉપશમ ભાવને પામવા માટે આપણા જ્ઞાની પુરુષોએ આ સંવત્સરી પર્વનું આયોજન કર્યું છે.

સંવત્સરી પ્રતિક્રમણ કરતાં પહેલાં તમારા કોઈક સ્વાર્થને વશ, તમારા કોઈક અહંકારને વશ, તમારા કોઈક મોહને વશ, તમારા કોઈક વેરઝેર અને કષાયની વૃત્તિને વશ થઈને કે છેવટે અજ્ઞાનને વશ થઈને પણ તમે જો ભાન ભૂલ્યા હો, આદર્શોને ભૂલ્યા હો અને રાગ દ્વેષના બીજ વાવ્યા હોય, તો છેવટે સંવત્સરીનું પ્રતિક્રમણ કરવા બેસતાં પહેલાં તો આ બધા દુર્ભાવોનાં મૂળિયાંને ઉખેડીને ફેંકી જ દેજો.

સંવત્સરીના પ્રતિક્રમણ વખતે

**'खामेमि सव्वजीवे, सव्वे जीवा खमंतु मे।**
**मित्ती मे सव्व भुएसु, वेरं मज्झ न केणई ॥'**

એવું એલાન જ્યારે વિશ્વની સામે કરીએ છીએ, પરમાત્માની સાક્ષીએ જ્યારે આપણે બોલીએ છીએ કે 'જગતના સર્વ જીવોને હું ખમાવું છું,

સર્વની સાથે મારે મૈત્રી છે.' આ એલાન આપ્યા છતાં હૃદયમાં એકાદ આત્મા ઉપર પણ જો દ્વેષભાવ રહી જાય, એકાદ આત્મા પણ આપણા મૈત્રીના મંડપની બહાર રહી જાય તો આપણે ભગવાનની સામે જુઠ્ઠું બોલ્યા કહેવાઈએ, આપણે અસત્ય ભાષણ કર્યું કહેવાય. એવું પાપ તો કેમ કરાય ?

સંવત્સરી પ્રતિક્રમણ કરતી લખતે કષાયોને હૈયામાં સલામત રાખીને, કોઈ પણ જીવ પ્રત્યે અણગમાના ભાવને જીવતો રાખીને પણ જો એમ માનતા હોઈએ કે 'અમે ત્રણ કલાક પ્રતિક્રમણ કરી લઈશું એટલે બધાં પાપો ધોવાઈ જશે, આત્મા હળવો બની જશે' તો એ બહુ મોટી ભ્રમણા છે. પ્રતિક્રમણ વખતે જ્યારે વિશ્વમૈત્રીનું એલાન કરીએ ને હેતના હાથ લંબાવીએ ત્યારે જગતના સૌ જીવોમાંથી એક પણ જીવ બાકાત રહી ન જવો જોઈએ.

ભલે કોઈ પ્રસંગવશ, પરિસ્થિતિવશ મેં ભૂલ કરી નાખી છે કે કોઈકે મારી પ્રત્યે કોઈ ભૂલ કરી નાખી છે ને પરસ્પર કાંઈક અણગમાની ગાંઠ બંધાઈ ગઈ છે અને અંતરમાં આગ વરસી રહી છે પણ સંવત્સરી પ્રતિક્રમણ ટાણે ક્ષમાનો છંટકાવ કરીને એ આગને ઠારી દઈને મારે હવે આત્મામાં ઠરવું છે. આવો સંકલ્પ કરી જ લેજો.

## છેલ્લામાં છેલ્લો ચાન્સ

જે પોતે આગ ઉપર ઊભો છે તે ઠરશે કે બળશે ? સંવત્સરી પ્રતિક્રમણ કરીને પણ ઠર્યા નહિ અને બળતા જ રહ્યા તો પછી આના કરતા બીજો કોઈ સારો ચાન્સ હવે મળવાનો નથી. સંવત્સરી એ છેલ્લામાં છેલ્લો ચાન્સ છે. રોજ ના કર્યું, પખ્ખીએ ના કર્યું, ચોમાસીએ પણ ના કર્યું તો જ્ઞાની પુરુષો કહે છે કે હવે આ સંવત્સરીએ તો તમે

મૈત્રી બાંધી જ દો. શુદ્ધ હૈયે ક્ષમાપના કરી જ લો, તો તમારા પર્વ પર્યુષણ લેખે લાગે.

પર્યુષણનો પ્રાણ હોય તો તે ક્ષમાપના છે. જો ક્ષમાને જીવનમાં સ્થાન ન આપ્યું, પરસ્પર ક્ષમાપના ન કરી તો પર્વાધિરાજનો પ્રાણ નીકળી જશે અને પર્યુષણ ખાલી ખોખું બની જશે. પ્રાણ વિનાના એ ખોળિયાની કોઈ કિંમત નથી. સમગ્ર પર્યુષણની તમામ આરાધનાઓનો પ્રાણ હોય તો આ ક્ષમાપના છે, હૃદયની શુદ્ધિ અને કષાયોની શાંતિ છે.

જૈનતત્ત્વજ્ઞાનની પરિભાષામાં આત્માનો સમગ્ર વિકાસક્રમ ગુણસ્થાનકોને આધારે જોવાય છે પણ એ ગુણસ્થાનકોનો વિકાસ, ગુણસ્થાનકોની પ્રાપ્તિ એ આ કષાય અને વિષયની વૃત્તિઓની મંદતાને આધારે છે. જેના કષાયો મંદ પડતા નથી એ નીચેના ગુણસ્થાનકેથી ઉપરના ગુણસ્થાનકે જઈ શકતો નથી. બાર મહિને પણ જેના કષાયો ઓગળતા નથી તે ચોથા ગુણસ્થાનકે ટકી શકતો નથી. એનું સમ્યગ્દર્શન નિર્મળ રહી શકતું નથી.

## ઈનામ પણ મોટું - સજા પણ મોટી

જે ઉદારતાથી ખમાવી દે છે, 'ભૂલ તો કોની નથી થતી ? તમારી યે થાય અને મારી યે થાય. ભૂલ થવી એ કોઈ મોટી વાત નથી. ભૂલ થયાની કબૂલાત કરવી એ જ બહુ મોટી વાત છે. મારાથી જાણે-અજાણ્યે થઈ ગયેલી ભૂલોની હું આજે કબૂલાત કરવા તૈયાર થયો છું. મારી આગળ કોઈ કબૂલાત કરવા આવ્યો છે ? તો તેને પ્રેમથી ભેટવા હું તૈયાર થયો છું.' આટલી તૈયારી જે કરે છે તે આ ભગવાનના ધર્મશાસનની અંદર આવી ગયા વગર રહેતો નથી. પણ

આ ક્ષમાધર્મની સાધના જો ન કરી તો એ વ્યવહારથી જિનશાસનમાં હોય તો પણ તાત્ત્વિક દ્રષ્ટિએ જિનશાસનની બહાર ફેંકાઈ ગયા વિના રહેતો નથી.

ઈનામ પણ બહુ મોટું છે અને ક્ષમા ધર્મની સાધના ન કરી શકો તો સજા પણ બહુ મોટી છે. ભગવાનના શાસનનું સભ્યપણું જ તમારું કેન્સલ થઈ જાય આનાથી મોટી બીજી કઈ સજા હોઈ શકે ?

તત્ત્વ દ્રષ્ટિએ ભગવાનના શાસનનું સભ્યપણું જો ટકાવવું હોય તો એને માટેની ફી આ છે. વેરઝેરને ઓગાળી પરસ્પર ક્ષમાપના કરી લો. એ ફીને ચૂકવવાની તૈયારી નથી તો જ્ઞાની પુરુષોની દ્રષ્ટિમાં તમે શાસનની બહાર મૂકાઈ ગયા વિના રહેતા નથી. પછી ભલે તમે અભિમાનમાં રાચતા રહો કે હું ભગવાનના શાસનનો શ્રાવક છું, કે હું એમ માનતો રહું કે ભગવાનના શાસનમાં હું સાધુ છું. અરે, તમે માનતા રહો કે મેં આટલી આરાધના કરી છે, આટલી તપશ્ચર્યા કરું છું, કે આટલું શીલ પાળું છું, પણ દાન, શીલ કે તપની એ બધી ક્રિયાઓ જો હૃદયના ક્ષમા રૂપ ભાવ ધર્મની સાથે ભળેલી નહિ હોય તો તેવા ભાવ ધર્મ વગરનાં દાન, શીલ કે તપ ધર્મની કોઈ ઝાઝી કિંમત નહિ અંકાય.

તમે અઠ્ઠાઈ નહિ કરો તો તમારું સમ્યગ્દર્શન ચાલ્યું નહિ જાય. પણ તમે સંવત્સરીએ પણ ક્ષમાપના નહિ કરો વર્ષો સુધી વેરઝેર મનમાં રાખી મુકશો તો તમારું સમ્યગ્દર્શન જરૂર ચાલ્યું જશે. અઠ્ઠાઈ થાય તો કરો, ન થાય તો વાંધો નહિ. એનાથી હજુ એટલું જોખમ નથી પણ સંવત્સરીનો પ્રસંગ પામીને પણ જો હૈયાને ઉદાર ન બનાવ્યું, ક્ષમાધર્મની આરાધના કરવા તૈયાર ન બનાવ્યું તો ગરબડ થઈ જશે.

બધી આરાધનાઓ કરતાં સર્વશ્રેષ્ઠ જો કોઈ આરાધના હોય, સંવત્સરીનો જો કોઈ પ્રાણ હોય, પર્યુષણની જો કોઈ સફળતા હોય, તો આ ક્ષમાપના છે. કષાયોનો ઉપશમ છે. હૈયે ગાંઠી રાખીને કોઈ કષાયોની આગને સળગતી રાખતા નહિ.

જ્યાં ખબર પડે કે અહીં આગ સળગી છે ત્યાં ક્ષમાના અને પ્રેમના પાણીનો ધોધ વહાવ્યા વિના રહેતા નહિ. વહેલી તકે એ આગને ઠારી નાખજો. સાચી સલામતી એમાં છે, ઘરની શાંતિ એમાં છે, જીવનનો વિકાસ પણ એમાં છે. ક્ષમા ધર્મ જ આત્માના ઉચ્ચ શિખરે આપણને લઈ જઈ શકે છે. તપ કરીને પણ કષાયોની ગાંઠો સલામત રાખનારા બેસી રહે છે અને કદાચ સંવત્સરીના દિવસે પણ ખાનારા છતાં ય ક્ષમા ધર્મની ઉચ્ચ આરાધના કરનારાઓ તરી જાય છે એમ જિનશાસન કહે છે.

## સંવત્સરીએ ખાતાં ખાતાં ય કેવળજ્ઞાન !
## કુરગડુ મુનિનું દ્રષ્ટાંત

લીલતાંગ નામના એક રાજકુમારે દીક્ષા લીધી. વૈરાગ્યભાવથી દીક્ષા લીધી પણ દીક્ષા લીધા પછી એક અશુભ કર્મનો ઉદય થયો, ક્ષુધા વેદનીય કર્મ એમને સતાવતું રહ્યું. ભૂખ્યા રહી શકાય જ નહિ. સમયસર ખાવાનું ના મળે તો તન-મનની સ્વસ્થતા ટકે નહિ.

આજે પણ ઘણાંને એસીડીટીનું દર્દ હોય છે ને ? ના ખાય તો પેટમાં બળતરા થાય, ખાધા વિના રહી ન શકાય. લલિતાંગ મુનિને પણ આવો કોઈક રોગ લાગુ પડયો.

વૈરાગ્યભાવ સાથે સંસારને ત્યાગીને નીકળેલાં એ મુનિને સાધુ જીવનમાં ઉગ્ર તપ કરવાની ભાવનાઓ હતી પરંતુ આ વિચિત્ર કર્મના

કારણે એક દિવસ પણ એ ખાધા વિના રહી શકતા નથી. રોજ ખાવું પડે છે. મુનિ ખાય છે પણ ખરા, પરંતુ તેમનું લક્ષ્ય છે રાગ અને દ્વેષને જીતવાનું. આથી એ પેટને કહે છે કે ભલે, હું તને ખાવાનું આપીશ, પણ માત્ર લુખ્ખા ભાત જ આપીશ. તને ઓછું ન પડે માટે ઘડો ભરીને ભાત આપીશ. લલિતાંગ મુનિની ભૂખ બહુ ભારે, તેમને ઘડો ભરીને ભાત ખાવા જોઈએ.

મુનિ રોજ હાથમાં ઘડો લઈને વહોરવા (ભીક્ષા લેવા) નીકળે. બીજી કોઈ ચીજ વહોરવાની નહિ. માત્ર લુખ્ખો ભાત જ વહોરવાનો. લલિતાંગ મુનિ હથમાં પાતરાને બદલે ઘડો રાખતા અને માત્ર ભાત જ વહોરતા, એટલે ધીમે ધીમે એમની ઓળખાણ એવી થઈ ગઈ કે, કયા મહારાજ ? તો કહે કે 'ઘડાવાળા મહારાજ'. કયા મહારાજ ? તો કહે કે 'ભાતવાળા મહારાજ'. આમ તેમનું નામ 'કુરગડુમુનિ' પડી ગયું. કુર એટલે ચોખા અને ગડુ એટલે ઘડો.

કુરગડુ મુનિ સંયમની સુંદર આરાધના કરી રહ્યા છે. ચાતુર્માસના દિવસો આવ્યા. બીજા ત્રણ મુનિઓ અને ચોથા આ કુરગડુ મુનિ એક જ ગામમાં ચાતુર્માસ રહ્યા.

સાથેના ત્રણેય મુનિઓ તપસ્વી હતા. ચાર ચાર મહિનાના ઉપવાસ તેમણે શરૂ કરી દીધા. એક મહિનાના ઉપવાસ પૂરા થઈ ગયા. બીજો મહિનો ચાલી રહ્યો છે ત્યાં પર્યુષણ પર્વ આવ્યાં. ત્રણેય મુનિઓ રોજ ઉપવાસ કરે છે અને કુરગડુ મુનિ પર્યુષણમાં પણ રોજ વહોરવા જાય છે. આ જોઈને પેલા ત્રણેય મુનિઓને થાય છે કે 'અરે રે ! પર્યુષણ જેવા પર્વના દિવસોમાં પણ ખાવાનું ? આજે ય ઉપવાસ નહિ? અમે ચાર ચાર મહિનાના ઉપવાસ કરી રહ્યા છીએ અને આને આઠ

દિવસના પણ ઉપવાસ કરવાનું મન નથી થતું?' આમ તેઓને કુરગડુ મુનિ ઉપર ભારે અણગમો ઉત્પન્ન થયો.

બીજી બાજુ કુરગડુ મુનિ ત્રણેય તપસ્વી સાધુઓની રોજ અનુમોદના કરે છે. 'ધન્ય છે આ તપસ્વીઓને ! કેવી સુંદર તપધર્મની આરાધના કરે છે. અને હું કેવો કમભાગી છું કે પર્વના દિવસોમાં પણ મને ખાધા વિના ચાલતું નથી.'

કુરગડુ મુનિ પર્યુષણમાં ય ખાતા હતા પણ તે અશનની આસક્તિથી નહિ, પરંતુ અનશનની અશક્તિથી ખાતા હતાં. ખાવા ખાવામાં પણ ફરક. ખાનારો અનશનની અશક્તિથી ખાય છે કે અશનની આસક્તિથી ખાય છે એના ઉપર ઘણો આધાર છે.

તત્ત્વદ્રષ્ટિએ વિચારીએ તો ખાનાર બધા ખાઉધરા કહેવાય નહિ અને ખાવાનું છોડનાર બધાને તપસ્વી કહેવાય નહિ, એમ જિનશાસન કહે છે.

પેલા તપસ્વી મુનિઓના તપે તેમનામાં અહંકાર જગાડયો. અને જેને પોતાની આરાધનાનો અહંકાર આવે એને સામાન્યથી બીજા જીવો પ્રત્યે તિરસ્કાર આવ્યા વિના રહે નહિ. અહંકાર અને તિરસ્કાર બન્ને એકબીજા સાથે જોડાયેલા છે.

'અમે તપસ્વી' - આ અહંકાર થયો, અને 'પેલો તપ નથી કરતો' આમ વિચારતા એના પ્રત્યે તિરસ્કાર થયો. 'પર્યુષણમાં ય ખાવાનું ? ખરો ખાઉધરો છે.' આ અણગમો થયો અને એ વધતો ચાલ્યો. આમ કરીને પેલા તપસ્વી મુનિઓ પોતાના મનના ભાવો બગાડી રહ્યા છે અને કુરગડુ મુનિ રોજ ખાઈને, તપસ્વીઓના તપની

અનુમોદના કરતાં પવિત્ર ભાવમાં રમી રહ્યા છે.

પર્યુષણના દિવસો પણ પસાર થવા માંડયા. સાત દિવસો નીકળી ગયાં. છેલ્લો સંવત્સરીનો દિવસ આવ્યો. કુરગડુ મુનિ વિચારે છે કે 'આજે તો ગમે તે થાય પણ મારે ઉપવાસ કરવો જ છે.' પરંતુ બપોર થતાં થતાં તો વાપર્યા વિના શરીરમાં અસ્વસ્થતા થવા માંડી. તપનો ભાવ ઘણો હતો પણ શરીરે એમને લાચાર બનાવી દીધા. એ વિચારે છે : 'પેટમાં જો કંઈ ખાવાનું નહિ નાંખુ તો બીજી કોઈ સાધનાના ઠેકાણા નહિ રહે. શું કરું હું ? ઓહ, હું તો કેવે કમભાગી છું. એક દિવસનો પણ મારાથી ઉપવાસ થતો નથી.'

છેવટે કચવાતા મને અને કકળતા હૈયે એ ગોચરી લેવા જાય છે ત્યારે પણ એ વિચારે છે : 'ધન્ય છે આ ત્રણ મુનિઓને અને ધિક્કાર છે મને ! એવા કયા કર્મના ઉદય જાગ્યા છે ? કયારે મારા એ અંતરાય દૂર થશે ?' ત્યાં તેમને યાદ આવ્યું કે તપસ્વી મુનિઓની ભક્તિ કરવાથી તપના અંતરાય કર્મ ટળે છે.

કુરગડુ મુનિ ભાત વહોરીને ઉપાશ્રયે આવે છે. જૈન સાધુના જીવનનો આચાર છે કે ગોચરી વહોરીને ઉપાશ્રયમાં આવ્યા પછી સાથેના સાધુઓને ગોચરી બતાવવી જોઈએ અને કહેવું જોઈએ કે 'મને આમાંથી કંઈક લાભ આપો.'

કુરગડુમુનિ વિચારે છે : ખબર નથી આજે આ મહામુનિઓને શું પચ્ચક્ખાણ હશે ? સવારે રોજ રોજના ઉપવાસનાં પચ્ચક્ખાણ પણ લેતા હોય, રોજ રોજ તપનો નિયમ કરતા હોય, ખબર નથી કે આજે તેમને તપ કરવાનું હશે કે પારણું કરવાનું હશે ? આપણો આચાર છે, પૂછવું જોઈએ. જો લાભ મળવાનો હોય તો મળે નહિ તો કાંઈ નહિ,

આમ વિચારતા કુરગડુ મુનિ ગોચરી વહોરીને ઉપાશ્રયે પાછા આવે છે. પણ આવીને તરત જ પેલા તપસ્વી મુનિઓ બેઠા છે એ ખૂણામાં જાય છે. તેઓની પાસે જઈને વિનંતી કરે છે : 'મહામુનિ લાભ આપશો?'

તપસ્વી મુનિએ કુરગડુ મુનિને વહોરવા જતા જોયા ત્યારથી તેમના મનમાં ખળભળાટ શરૂ થઈ ગયેલો. ત્યાં તેમણે સામેથી પૂછ્યું એટલે મહામુનિઓનો કષાય માઝા મૂકી ગયો. 'નફ્ફટ, એક તો સંવત્સરીના દિવસે ખાવું છે અને પાછો બેશરમ થઈ મને પૂછવા આવે છે કે લાભ આપશો ? ખબર નથી તને કે મારે ઉપવાસ ચાલે છે ? પાછો કહે છે લાભ આપો, લાભ આપો. તારે લાભ લેવો છે ને ? તો લાવ, આજે તને લાભ આપું.'

તપસ્વી મુનિ આવેશમાં આવ્યા છે. પોતાના તપનો અહંકાર અને સામાનો તિરસ્કાર, બે ભેગા થયા છે. કષાયની વૃત્તિએ એમને ભાન ભૂલાવ્યા છે. કુરગડુ મુનિએ જેવો ભાતનો ઘડો સામે ધર્યો કે તરત જ એ તપસ્વી મુનિએ ઘડાની અંદર 'થ્થૂઉ...' કરીને થૂંકયા. 'લે તને લાભ આપું, થ્થૂઉ.... જા, ભાગ અહીંથી.'

કષાયોનો રોગ બહુ ચેપી રોગ છે. જે એની સામે નજર નાખે તેને વળગ્યા વિના રહે નહિ. એનાથી જેટલા છેટા એટલા સારા. આ તપસ્વી મુનિના ક્રોધનો ચેપ બીજા તપસ્વી મુનિઓને પણ લાગ્યો.

કુરગડુ મુનિ વારાફરતી ત્રણેય તપસ્વી મુનિ પાસે ગયા. ત્રણેય ને લાભ આપવા વિનંતી કરી અને ત્રણેય તપસ્વી મુનિઓ તિરસ્કારથી તેમના ભાતમાં થૂંકયા.

પરંતુ કુરગડુ મુનિની આંતરદશા કંઈક જૂદી જ છે. હવે તેઓ પોતાની જગ્યાએ જઈને ભાત ખાવા માટે બેસે છે અને વિચારે છે: 'અહોહો, કેવો ધન્ય દિવસ ! ધન્ય છે આ મહામુનિઓને! દોઢ દોઢ મહિનાથી ઉપવાસ કરી રહ્યા છે અને હું અભાગિયો આજે પણ ખાવા બેઠો છું. પણ હે જીવ ! તું હવે ચિંતા ન કરીશ. તારો અંતરાય તૂટવાની તૈયારીમાં છે. આજે તારું નસીબ જોર કરી રહ્યું છે. કારણ આવા તપસ્વી મહામુનિઓના મુખનું અમૃત તારા ભાતમાં પડયું છે.' તપસ્વીઓનાં થૂંકને પણ આ મુનિવર અમૃત માની રહ્યા છે.

પોતે ભક્તિથી પૂછવા ગયા છે ત્યારે ભયંકર તિરસ્કાર સાથે સામેથી તપસ્વીઓ થૂંકે છે. છતાં આ કુરગડુ મુનિ થૂંકનારને પણ અમૃત આપનાર તરીકે જૂએ છે.

પ્રસંગ એકનો એક હોય છે. એને જોવાનો દ્રષ્ટિકોણ જુદો જુદો હોય છે. તમે દ્રષ્ટિનો લેન્સ બદલો એટલે દર્શન બદલાઈ જશે. કોઈ પણ ઘટનાને જોવાનો દ્રષ્ટિકોણ બદલો. સાચો અને સારો દ્રષ્ટિકોણ અપનાવો તો ઘણું કામ થઈ જશે.

ચિત્તમાં ભયંકર આવેશ અને સંકલેશ જાગી જાય તેવો પ્રસંગ હતો પણ આ કુરગડુ મુનિ તો સમતા અને ગુણદ્રષ્ટિના લેન્સ ચડાવીને જ આ પ્રસંગને જૂએ છે અને વિચારે છે : 'હું અભાગિયો તપ નથી કરતો છતાં ય મારા ઉપર આ તપસ્વીઓની કેવી કરુણા કે એમણે મને આજે અમૃત આપ્યું. આજે મારો અંતરાય જરૂર દૂર થઈ જશે.'

કુરગડુ મુનિ એક બાજુ પશ્ચાત્તાપ કરે છે અને બીજી બાજુ તપસ્વીઓના તપની અનુમોદના કરી રહ્યા છે. ગોચરી વાપરતાં તીવ્રપણે વિચારી રહ્યા છે કે કયારે આ કર્મોનાં બંધનોથી મુકત બનું?

ક્યારે મને અણાહારી પદની પ્રાપ્તિ થાય ?

તેમનું તન ગોચરી વાપરી રહ્યું છે પણ તેમનું મન અણહારીપણાના સ્વસ્વરૂપના ચિંતનમાં લીન બન્યું છે. આ ચિંતનમાં તેઓ એટલા બધા ઊંચે ચઢતા ગયા કે કુરગડુ મુનિને ગોચરી વાપરતાં વાપરતાં સંવત્સરીના દિવસે કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું !

## અહંકારી માણસ અવિવેકી બન્યા વિના રહે નહિ

ભગવાન જિનેશ્વર દેવનું શાસન કહે છે, 'તપ નહિ કરો તો હજુ ચાલશે. પણ ક્ષમા ધર્મની આરાધના નહિ કરો તો નહિ ચાલે.' દોઢ દોઢ મહિના સુધી ઉપવાસ કરનારા પેલા તપસ્વી મુનિઓ બેઠા રહ્યા, અને રોજ ખાનારા, આજે સંવત્સરીના દિવસે પણ પેટ ભરનારા કુરગડુ મુનિ તરી ગયા. તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

ક્ષેત્ર દેવતા અને શાસન દેવતા કેવળજ્ઞાનનો ઉત્સવ કરવા માટે આવે છે. શાસન દેવી ઉપાશ્રયમાં દાખલ થાય છે, રૂમઝૂમ કરતી, જે ખૂણામાં કુરગડુ મુનિ બેઠા હતા એ બાજુ જવા માટે પગ ઉપાડે છે. આગળ વધે છે, ત્યાં પેલા ત્રણ ખૂણામાં બેઠેલા તપસ્વી મુનિઓએ જોયું કે આ તો કોઈ તેજસ્વી રૂપ છે. કોઈક દેવી લાગે છે. શાસન દેવી! ઓ...હો... દોઢ દોઢ મહિનાના અમારા તપનો કેવો પ્રભાવ! તપના પ્રભાવથી દેવી અમને વંદન કરવા આવી છે. પણ...પણ અમારી તરફ આવવાને બદલે આ તો પેલી બાજુ ચાલી, પેલા ખાઉધરા પાસે?

અહંકારી માણસ અવિવેકી બન્યા વિના રહે નહિ. અહંકાર અવિવેકને ખેંચી લાવે છે. આ તપસ્વી મુનિઓથી રહેવાયું નહિ. એ બોલી ઉઠયા : 'અરે દેવી, ત્યાં કયાં જાઓ છો ? ઉપવાસ તો અમે

કર્યા છે અમે, એ તો ખાઉધરો છે. આજે ય એ ખાવા બેઠો છે. દોઢ મહિનાના ઉપવાસ તો અમે કર્યા છે.'

શાસનદેવી એમને જવાબ આપે છે, 'હવે બેસી રહો, દોઢ મહિનાના ઉપવાસ કરીને પણ આ કેવળજ્ઞાનીની આશાતના કરીને તમારે શું કમાવું છે ? ભૂલા પડયા છો તમે, એ ખાઉધરા નથી. એ મહામુનિ તો કેવળજ્ઞાની બની ગયા છે. તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ છે. તમને કંઈ ભાન છે ? તમે ખાઉધરો કોને કહો છો ?' શાસનદેવીએ જ્યાં એક રાડ પાડી ત્યાં તો પેલા ત્રણેય મુનિઓ સ્તબ્ધ થઈ ગયા!

આખરે તો એ પણ મુનિ હતા. તપસ્વી સાધકો હતા. આ તો તપના અહંકારે એમને રવાડે ચડાવ્યા હતા. પણ કંઈ જૈન શાસનનું તત્ત્વ નહોતા જાણતા એમ તો નહિ, તરત જ ખ્યાલ આવ્યો ને ચમકી ગયા.

કોને ખબર, કયારે કેવળજ્ઞાન થયું હશે ? અને કેવળજ્ઞાનીની આપણે આશાતના કરી ? એમને ખાઉધરા કહ્યાં ? ખબર નથી, એ પૂછવા આવ્યા ત્યારે ય કેવળજ્ઞાન થઈ ગયું હશે તો ? એવા કેવળજ્ઞાનીની ભીક્ષામાં અમે થૂંકયા ? અરરર... કેવી ભૂલ કરી ? આપણાથી આ કેવું અઘટિત થઈ ગયું ! આવો ભયંકર અપરાધ? કેવળજ્ઞાનીની આશાતના ? દોઢ મહિનાના તપ કરીને આ કષાયોને પનારે અમે પડયાં ? ધિક્કાર છે અમને.'

અને ત્રણેય દોડયા, જ્યાં કુરગડુ મુનિ બેઠા હતા ત્યાં જઈને એમના પગમાં નમી પડયા, 'મહામુનિ ! અમારો અપરાધ ક્ષમા કરો, અમે તમને ન ઓળખી શકયાં, તમારી આત્મપરિણતિને અમે ન સમજી શકયાં. અમારો અપરાધ ક્ષમા કરો.'

આંખમાં દડદડ આંસુ ચાલ્યા જાય છે. હૃદયમાં પશ્ચાત્તાપ છે અને આમ કુરગડુ મુનિના ચરણોમાં ક્ષમાની યાચના કરતાં દોઢ મહિનાના ઉપવાસી એ મુનિઓને, દોઢ માસના ઉપવાસથી જે પ્રાપ્ત નહોતું થયું તે હવે ક્ષમાથી અને પશ્ચાત્તાપથી દોઢ મિનીટમાં પ્રાપ્ત થઈ જાય છે. એ ત્રણેય મુંનિઓને ત્યાં જ કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે.

## ભૂલનો એકરાર અને ક્ષમાનો સ્વીકાર

જૈન શાસન કહે છે, 'હૃદયને શુદ્ધ કરો, હૃદયને કોમળ કરો. આવા પર્યુષણ પર્વ વારંવાર આવતા નથી. મોકો મળ્યો છે તો તક ઝડપી લો. કોઈ કષાય મનમાં રાખતા નહિ. વેરઝેરની ગાંઠોને મનમાં સ્થાન આપતા નહિ, પોતાની ભૂલનો એકરાર કર્યા વગર રહેતા નહિ અને કોઈ એની ભૂલનો એકરાર કરતો આવે તો એની ક્ષમાનો સ્વીકાર કર્યા વિના પણ રહેંતા નહિ. પોતાની ભૂલનો એકરાર અને અપરાધી એવા સામાની ક્ષમાયાચનાનો પ્રેમથી સ્વીકાર. 'એકરાર અને સ્વીકાર.' આ બે જેને કરતાં આવડે છે તે પર્યુષણ પર્વને સફળ બનાવી જાય છે.'

પર્વ પર્યુષણ આપણને એક જ વાત કરે છે, ક્ષમા ધર્મની આરાધના કરો. કઈ રીતે ક્ષમા ધર્મની આરાધના કરશો ?

ત્રણ તબક્કે ક્ષમા ધર્મની આરાધના કરવાની છે. સૌથી પહેલા ક્ષમા રાખો. કોઈએ તમારા તરફ અનુચિત વર્તન કર્યું, અયોગ્ય રીતે વર્તાવ કર્યો, તમારી અપેક્ષાઓ એના તરફથી પૂર્ણ ન થઈ તો તે વખતે તમારો આત્મા ઊંચોનીચો થાય છે તે ન થવા દો. પહેલું કર્તવ્ય છે ક્ષમા રાખો.

પણ એણે તમારી પ્રત્યે અયોગ્ય વર્તન કર્યું. અને માની લ્યો કે

તમે ક્ષમા ન રાખી શકયા અને કષાયોને પનારે પડી, કંઈક અનુચિત વર્તન કરી નાખ્યું તો ક્ષમા ધર્મનો બીજો તબક્કો છે ક્ષમા માંગો. ક્ષમા ન રાખી શકયા, ભૂલ થઈ, મનમાં દુર્ભાવ સેવ્યો, કોઈની સાથે અનુચિત વર્તન કરી નાખ્યું તો વહેલી તકે એના પગમાં પડીને ક્ષમા માંગો. અને ભલે તમે ભૂલ કરી નથી પણ કોઈકે ભૂલ કરી છે, એને ભૂલનો ખ્યાલ આવ્યો છે, ને એ હવે તમારી પાસે ક્ષમા માંગવા આવ્યો છે તો એને ઉદારતાથી ક્ષમા આપો. એ છે ક્ષમાધર્મની આરાધનાનો ત્રીજો તબક્કો.

ક્ષમા રાખો
ક્ષમા માંગો
ક્ષમા આપો

આ ત્રણ તબક્કે જેને ક્ષમા ધર્મની સાધના કરતા આવડે છે એનો તપ લેખે લાગી જાય છે. એનાં વ્યાખ્યાન શ્રવણ સફળ બની જાય છે. એનાં પ્રતિક્રમણ સુંદર પરિણામ લાવ્યા વિના રહેતાં નથી. અને જેને ક્ષમા રાખવી નથી, થયેલા અપરાધોની નમ્ર બનીને ક્ષમા માંગવી નથી, અને હૈયાને ઉદાર બનાવીને અપરાધીને પણ ક્ષમા આપવી નથી, તે કદાચ બધું જ કરતો હશે તો પણ એનો આત્મવિકાસ અટકી ગયા વગર રહેતો નથી. એ જિનશાસનની બહાર મૂકાઈ જાય છે.

## પર્યુષણ પર્વનો એક જ સંદેશ : ક્ષમાપના

પર્વ પર્યુષણનો સંદેશ એક જ છે : ક્ષમાપના

ક્ષમા રાખો, ક્ષમા માંગો અને ક્ષમા આપો.

જ્યાં મોકો મળે ત્યાં આ આઠ દિવસમાં એક જ કામ કરવાનું

છે, ક્ષમાધર્મની સાધનાનું. આઠ દિવસ જે તૈયારીના મળ્યા છે તેમાં એક જ લક્ષ્ય રાખજો કે 'આ આઠ દિવસમાં કોઈ પણ ઘટના બની જાય, ગમે તેવી ઊથલપાથલ મચી જાય, મારે કષાયોને પનારે પડવું નથી. ગમે તે થઈ જાય. બધાં નુકશાન કરતાં ચડિયાતું નુકશાન એક જ છે અને તે છે કષાયોની તીવ્રતાનું. આ પર્યુષણ પર્વની અંદર જો હૃદયમાં કષાયોને સ્થાન આપ્યું તો આ પર્યુષણ પર્વ હારી જઈશ. આના જેવું નુકશાન બીજું કોઈ નથી. બધું નુકશાન થવા દઈશ પણ કષાયો તો નહિ જ થવા દઉં. મારે ક્ષમા રાખવી છે.'

આમ અત્યારે તો હવે ક્ષમા રાખશો. પણ વીતેલા બાર મહિનામાં ઘણાં ઊંચાંનીચાં થયા છો, ઘણાંની સાથે ન બોલવાનું બોલી નાખ્યું છે, કોઈકના માટે ન વિચારવાનું વિચારી નાખ્યું છે, ન કરવાનું વર્તન કોઈકના પ્રત્યે કરી નાખ્યું છે. આ બધા ડાઘ ધોયા વિના આત્મા કેવી રીતે નિર્મળ થશે ?

## ક્ષમા માંગતા શરમાતા નહિ

ક્ષમાપનાનો બીજો તબક્કો આવે છેઃ ક્ષમા માંગી લો. આ બાર મહિનામાં કોઈપણ આત્મા સાથે મેં અનુચિત વર્તન કર્યું છે? જો હા, તો લાવ, સંવત્સરીના પ્રતિક્રમણ કરતાં પહેલાં એમની પાસે પહોંચી જઉં, પગમાં પડું, અને ક્ષમા માગું કે 'ભાઈ, ભૂલ થઈ ગઈ, ક્ષમા માગું છું.' ક્ષમા માંગવામાં કોઈ દિવસ શરમ લાવતા નહિ. અહંકારને વચ્ચે આવવા દેતા નહિ.

ક્ષમા માંગનારો કોઈ દિવસ નાનો છે જ નહિ. ક્ષમા માંગે છે એ જ મોટો છે. ક્ષમા માંગે છે એ મહાન છે. કારણ કે ભૂલ કરવા માટે જેટલી અધમતા નથી જોઈતી તેના કરતાં થયેલી ભૂલની ક્ષમા

માંગવા મહાનતા વધુ જોઈએ છે. અને એવી મહાનતા જે વિકસાવી શકે તે ધન્યવાદને પાત્ર છે.

ક્ષમા રાખવી હજુ સહેલી છે પણ ક્ષમા યાચવી એ મુશ્કેલ છે. કારણ કે ત્યાં અહંકાર નડે છે. 'થતાં થઈ ગયું, હવે કેમ નમતો જાઉં? સામો માણસ કહેશે કે આવ્યોને નમતો ? આપણે કંઈ એવી રીતે નાના થવું નથી.' આ અહંકાર આપણને ક્ષમા માંગવા માટે તૈયાર થવા દેતો નથી. આ અહંકારને તોડી નાખવાની શકિત કેળવ્યા વગર ક્ષમા માંગી શકાતી નથી.

ક્ષમા રાખવા કરતાં ક્ષમા માંગવામાં વધુ શકિત જોઈએ છે, અને ક્ષમા માંગવા કરતાં ય, આપણી કોઈ ભૂલ નથી, સામેનાની જ ભૂલ છે અને આજે એને ભૂલનો ખ્યાલ આવ્યો છે, એ ક્ષમા માંગવા આવ્યો છે ત્યારે પ્રેમથી એની ભૂલોને ભૂલી જઈ, ઉદારતાથી ક્ષમા આપી દેવી એને માટે તો અત્યંત મહાન શકિત જોઈએ. ક્ષમા માંગવી હજુ સહેલી છે, પણ આપણી કોઈ ભૂલ વિના અપરાધીને ક્ષમા આપવી ઘણી અઘરી છે.

ઉત્તરોત્તર ત્રણે ય અઘરાં છે. (૧) ક્ષમા રાખવી, (૨) એના કરતા અઘરું છે ક્ષમા માંગવી (૩) અને એના કરતાં ય અઘરું છે ક્ષમા આપવી. અને જે આ ત્રણે ય તબક્કે ક્ષમા ધર્મની આરાધના કરી શકતો નથી એનાં પર્વ પર્યુષણ સફળ બની શકતાં નથી. એની તપશ્ચર્યાઓ લેખે લાગતી નથી.

મારે આજના આ પ્રવચનમાં તમને સહુને એક જ વાત કરવી છે, કે મહેરબાની કરીને આ સાત દિવસ તૈયારીના જે મળ્યા છે, તે તકને જતી કરતા નહિ. વધુ ને વધુ ક્ષમા રાખવાનો અભ્યાસ કરજો.

બાર મહિનામાં કે વિતેલા વર્ષોમાં થઈ ગયેલા એક એક અપરાધોને યાદ કરીને જેની પ્રત્યે અપરાધો કર્યા હોય તેની પાસે દોડી જજો. કોઈ અહંકારને વચ્ચે લાવ્યા વિના, કોઈ દંભનો પડદો રાખ્યા વિના, સરળ અને સાચા હૈયે એના પગમાં પડીને ક્ષમા માંગી લેજો કે 'ભાઈ મારી ભૂલ થઈ ગઈ, હું ક્ષમા માંગું છું'.

એજ રીતે કોઈ તમારી પાસે ક્ષમા માંગવા આવે તો તમે ક્ષમા આપી પૂરા પ્રેમથી એને નવડાવી દેજો. 'હોય ભાઈ, ! ભૂલ તારી થઈ, તેમ મારી એ થઈ છે. માણસ માત્ર ભૂલને પાત્ર છે. આજે તારાથી થઈ, કાલે મારાથી પણ થઈ શકે છે. અને તેં કાંઈ એમ ને એમ ભૂલ કરી નથી. પરિસ્થિતિ જ એવી વિષમ હોય છે કે જે માણસને ભૂલને માર્ગે દોરી જાય છે. જે થયું તે થયું, મારા મનમાં કાંઈ છે નહિં, તું પણ તારા મનમાં કાંઈ રાખતો નહિ, હું તો પ્રેમથી તને ખમાવું છું, ક્ષમા આપું છું', કહી ખુલ્લા દિલે પ્રેમથી એને ભેટી પડજો, એને હૂંફ આપજો.

ત્યારે એને પણ એમ લાગશે કે 'જીવન ખરેખર જીવવા જેવું છે, સારું થયું પર્વ પર્યુષણ આવ્યા અને મારા જેવા અપરાધીને પણ આ આત્માએ પ્રેમથી નવડાવ્યો. ધન્ય છે ભગવાન મહાવીરના આ તત્ત્વજ્ઞાનને! કમાલ કરી છે આ પર્વ પર્યુષણાએ !'

સામી વ્યકિતના ચિત્તમાં તમે પરમાત્મા પ્રત્યેનું અને ધર્મ પ્રત્યેનું ગૌરવ અને ઉલ્લાસ વધારવામાં નિમિત્ત બની જશો. આવી અદ્ભૂત તક તમને મળી છે, ત્રણ તબક્કે ક્ષમા ધર્મની આરાધના સાત દિવસમાં સતત કરતાં જ રહો. એમાં બીજો કોઈ વિચાર કરતાં નહિ.

## તકને આ પળે જ ઝડપી લો

ખૂબ લાગણી ભર્યા હૈયે આજે મારે તમને એક જ અપીલ કરવી છે કે જે તક મળી છે તે તકને ઝડપી લો. ભૂલ તો થઈ જાય, વેરઝેર બંધાયાં હોય, અબોલાં કેળવાયાં હોય, એ એમ ને એમ નહિ છૂટે, આજે તક આવી છે પર્યુષણની, અને અધૂરામાં પૂરું આવી પ્રેરણા સમૂહમાં સૌ સાંભળી રહ્યા છો ત્યારે હવે અહંકારને વચ્ચે લાવ્યા વિના, સીધા દોડી જજો. વહેલી તકે કોઈના પગમાં પડી જજો અને કહેજો કે 'મને ક્ષમા આપો, ભૂલ મારી છે કે તમારી તે મારે જોવું નથી, પણ આપણી વચ્ચે કોઈ પણ મનદુઃખ થયું છે, મારા નિમિત્તે તમારા ચિત્તમાં કોઈ સંકલેશ જન્મ્યો છે, તો આપણે એ બધા કલેશોને હવે ધોઈ નાંખવા છે. પર્વ પર્યુષણ આવ્યાં, આવા વ્યાખ્યાનો સાંભળ્યાં, હજુ પણ આપણે આપણા હૈયાને સાફ નહિ કરીએ તો કયારે કરીશું? હું આજે આવ્યો છુ, તમે પણ હાથ લંબાવો. આપણે ક્ષમાનું આદાનપ્રદાન કરીએ.'

મારે ક્ષમા માંગી લેવી છે, પણ સામો ક્ષમા નહિ આપે તો? એવી શંકા કુશંકા કરીને ક્ષમા માંગવામાં પાછા પડતા નહિ. સામો ક્ષમા નહિ આપે તો એ વિરાધક બનશે. તમે માંગી લો સાચા હૃદયથી, તો તમે આરાધક બની જશો.

## આરાધક બનવું છે કે વિરાધક ?

કલ્પસૂત્રોના પ્રવચનોમાં તમને સાંભળવા મળશે, 'જે ખમાવે છે તે આરાધક છે, જે ખમાવતો નથી તે વિરાધક છે' પર્વ પર્યુષણના આરાધક બનવું છે કે વિરાધક ? તેનો નિર્ણય કરી લેજો.

'મારે આરાધક બનવું છે, આટલી તપશ્ચર્યા કરું, આટલી સંપત્તિનો ત્યાગ કરું, આ બધું કર્યા પછી પણ જો હૃદયને શુદ્ધ ન કરું, ક્ષમાથી કૂણું ન બનાવું તો મારું બધું વ્યર્થ છે', એમ સમજીને વહેલી તકે દોડી જજો. આ સાત દિવસ મળ્યા છે, તેમાં ક્ષમાપના કરવા જ્યાં પહોંચવું હોય ત્યાં પહોંચી જજો.

સંવત્સરીનું પ્રતિક્રમણ કરતાં પહેલાં હૈયાને ભારે રાખતા નહિ. ભૂલ થવી એ મોટી વાત નથી, આપણી પણ થઈ શકે છે, સામાની પણ થઈ શકે છે, અને થઈ હોય તો ગભરાયા વિના, કોઈ સંકોચ રાખ્યા વિના પગમાં પડીને ક્ષમા માંગીએ.

એ જ રીતે સામી વ્યક્તિની ભૂલ થઈ છે, વગર કારણે એણે અડાઈ કરી છે, અકડાઈ કરીને આપણી સાથે વર્ત્યો છે, પણ હવે એ ક્ષમા માંગવા આવ્યો છે, તો ભેટી પડો અને કહો કે, 'કાંઈ વાંધો નહિ, થાય, આજે તારી ભૂલ થઈ, કાલે મારી પણ થઈ શકે છે. એ ભૂલની પરંપરાને આપણે ચલાવવી નથી. આવો, અહીં જ એને પતાવી દઈએ, અંતરનો ચોપડો ચોખ્ખો કરીએ.'

ક્ષમાપના કરવામાં કોઈ નાનપ વચ્ચે લાવવાની નથી, અને જો અહંકારને વચ્ચે લાવ્યા, નાનપ લગાડી તો એક વાર આ સંવત્સરીનો દિવસ ગયો, પછી પાછી તકલીફ.... અત્યારે હજી અનુકૂળતા છે. બધાએ આવું સાંભળ્યું હોય, આવું કાંઈક વિચારતા હોય, આવી પ્રેરણા મળી હોય તે વખતે સહેલાઈથી ક્ષમાનું આદાનપ્રદાન થઈ જશે. પણ એક વખત આ તક ચૂકી ગયા તો પછી મજબૂત બનેલી વેરની ગાંઠો છૂટવી બહુ મુશ્કેલ છે અને વેરઝેરની આ ગાંઠો જો ન છૂટી તો તમે બાહ્યરીતે ભલે સાંવત્સરિક પ્રતિક્રમણ પણ કરી લેશો, છતાં ભાવથી

સમ્યગ્દર્શન ટકવું મુશ્કેલ છે.

તો પછી શા માટે કોઈ પણ જીવ પ્રત્યે અણગમાની આગ સળગતી રાખવી ? કોઈએ બગાડી બગાડીને આપણું શું બગાડયું છે?

## ખમાવી દો, નહિ તો રહી જશો

પેલો અજ્ઞાની માણસ ભગવાન મહાવીરના પગનો ચૂલો કરતો આવ્યો, અને બે પગની વચ્ચે લાકડા રાખીને ખીર રાંધવા તૈયાર થયો. છતાં ભગવાન મહાવીરે એને ક્ષમાથી નવાજ્યો છે.

આપણા પગનો કોઈએ ચૂલો કર્યો છે ? અરે એક દીવાસળી પણ ચાંપી છે ? નહિ ને ? તો શા માટે કષાય કરવો ? મારા પ્રભુનો આદર્શ તો આ છે. આવા મહાન ક્ષમામૂર્તિ પરમાત્માનો હું સેવક છું! મારે જરાય કષાય કરવો નથી, એમ આત્માને સમજાવો અને એને કહો કે 'અલ્યા આટલું પણ તું જતું ન કરી શકે ? નમ્રતાથી એની ક્ષમા માગી લે, ઉદારતાથી એને ક્ષમા આપી દે. ખુદ ભગવાન મહાવીર તને કહી રહ્યા છે, ખમાવી દે નહિ તો રહી જઈશ'.

અપરાધીઓ પ્રત્યે પણ કરુણા વહાવનાર ભગવાન મહાવીરનો વારસો આપણને મળ્યો છે. કમઠ જેવા કમઠની ઉપર પણ કરુણાની વર્ષા કરનાર પાર્શ્વનાથ આપણા હૈયામાં બેઠા છે, પછી એ હૈયામાં કષાયોની આગ સળગતી રાખી શકાય ? શોભે જ નહિ.

તીર્થંકરોની વાત આવે તો કદાચ આપણને લાગે કે એ તો ચોથા આરાની વાતો છે, પણ એવું નથી. આજના કાળમાં અને આપણી વચ્ચે જીવન જીવતા આત્માઓ પણ ક્ષમાધર્મનું ઉચ્ચ પાલન કરી શકે છે, અને આપણને ઘણી પ્રેરણા આપી જતા હોય છે. આવો,

એવી જ કેટલીક વર્તમાન કાળની સત્ય ઘટનાઓ હવે તમને સંભળાવું.

## જૈન ધર્મના અજૈન અનુયાયીઓ

અમદાવાદમાં અમે ચાતુર્માસ હતા, સાબરમતી સેન્ટ્રલ જેલની અંદર મારે પ્રવચન આપવા જવાનું થયું. રક્ષાબંધનના દિવસે સદ્‌વિચાર પરિવારના કાર્યકર ભાઈઓ મને પ્રવચન આપવા ગુજરાતની સેન્ટ્રલ જેલમાં લઈ ગયા. એ વખતે કેટલીક ઘટનાઓ બની. એણે મને એક અદ્‌ભુત પ્રેરણા આપી.

મારે કહેવું જોઈએ કે મારા સાધુ જીવનના અઠ્ઠયાવીસ વર્ષની એ યાદગાર અને અમૂલ્ય પળો હતી. એ પળોમાં ક્ષમા ધર્મના મેં જીવંત રૂપે દર્શન કર્યા. ક્ષમાપના ઉપર પ્રવચનો તો વર્ષોથી આપું છું ક્ષમાની વાતો પણ ઘણી વાંચી છે, પણ "ક્ષમા" શી હોઈ શકે એના સાક્ષાત્ દર્શન મને એ દિવસે કરવા મળ્યા.

એ વર્ષે પંદરમી ઓગષ્ટે રક્ષાબંધનનો દિવસ આવતો હતો, એ પ્રસંગે જેલમાં પ્રવચન આપવા ગયો ત્યારે સાબરમતી જેલમાં ૯૬૦ કેદીઓ સમક્ષ બેસીને જે દ્રશ્યો નિહાળ્યાં તે ખરેખર અદ્‌ભુત હતાં. આ વર્તમાન કાળની જીવંત વ્યક્તિઓની વાતો, ક્ષમાધર્મની સત્ય ઘટનાઓ હવે તમને સંભળાવું છું.

### સત્ય ઘટના પહેલી

## પતિના ખૂનીને હાથે રાખડી બાંધી

અમદાવાદ જિલ્લામાં બે નાનકડાં ગામડાં, સાંતેજ અને લપકામણ. એક ગામના પટેલ અને એક ગામના ઠાકરડા એ બેની વચ્ચે કાંઈક ખટપટ ઊભી થઈ, બોલાચાલીઓ થઈ અને વેરઝેર બંધાયાં. અમુક

વ્યક્તિઓ વચ્ચેનો ઝઘડો ધીમે ધીમે બે કોમો વચ્ચે વહેંચાઈ ગયો અને બે કોમો વચ્ચે વહેંચાયેલો ઝઘડો એક દિવસ પરાકાષ્ટાએ પહોંચ્યો.

નજીક નજીકનાં બે ગામો અને બન્ને ગામની વચ્ચે બસ સ્ટૅન્ડ એક જ. લપકામણના પાંચ પટેલિયા કંઈક કામે બસ સ્ટૅન્ડે ગયા હતા. એ દરમ્યાન સાંતેજનો એક ઠાકોર કે જે ગામનો એક આગેવાન હતો, અને આ ઝઘડામાં મુખ્ય હતો, એ પણ કંઈક કામે નીકળેલો ને અહીં બસ સ્ટૅન્ડે આવીને ઊભેલો.

બસ સ્ટૅન્ડ પર એને એકલો જોયો, ત્યાં પેલા પટેલિયાઓને ખુન્નસ ચડયું. એમને એમ થયું કે આજે તક સારી છે, પાંચે જણા પેલાને ઘેરી વળ્યા. હાથમાં ધારિયા અને કુહાડી હતી, પેલા ઠાકરડાની ખોપરી ફોડી નાખી અને ખૂન કરી નાખ્યું.

ઠાકોરનું ખૂન થયું, એની પોલીસ તપાસ શરૂ થઈ, આ પાંચ પટેલિયાઓને પકડવામાં આવ્યા, કોર્ટમાં કેસ દાખલ થયો. જે ઠાકરડો મરી ગયો તેની વિધવા પત્ની અને એ મરનારનો નાનો ભાઈ ગરીબ હતાં પણ એ લોકોએ નક્કી કર્યું કે ગમે તેમ કરીને પણ એ હત્યારા લોકોની સાથે લડી જ લેવું છે.

દેવું કરીને, ઘરેણાં વેંચીને, પછી જરૂર પડી તો ઘરનાં વાસણો વેંચીને પણ એ લોકો કેસ લડયા, બે વર્ષ સુધી હાઈકોર્ટમાં એ કેસ ચાલ્યો. પાંચે પટેલિયા કેદમાં છે, કેસ ચાલી રહ્યો છે, પટેલિયા સુખી હતા, એમણે વિચાર્યું કે ગમે તેમ કરીને આમાંથી નિર્દોષ છૂટી જવું, એ માટે પ્રયત્નો ઘણાં કર્યા પણ કોઈ પ્રયત્નોમાં સફળતા મળી નહીં. કેસ લડતાં લડતાં બે વર્ષમાં બે લાખનું પાણી કરી નાખ્યું. બબ્બે વર્ષ જેલમાં સબડતા રહ્યા, અને છતાં હાઈકોર્ટે જે દિવસે ન્યાય આપ્યો,

ફેંસલો આપ્યો તેમાં એ પાંચે જણાને ખૂનના આરોપસર ગુનેગાર ઠરાવવામાં આવ્યા, અને એ પાંચે જણાને કોર્ટે જન્મટીપની સજા કરી. આ સજા સાંભળતાંની સાથે જ પાંચમાંના એક આરોપીને, કે જેને સમાજમાં ઈજ્જતથી જીવવું હતું એને આઘાત એવો લાગ્યો કે ફેંસલો સાંભળતાં જ ત્યાં ને ત્યાં હાર્ટફેઈલ થવાથી તે અવસાન પામ્યો, બાકી રહેલા ચાર અત્યારે સાબરમતીની સેન્ટ્રલ જેલમાં જન્મટીપની સજા ભોગવી રહ્યા છે.

બીજી બાજુ સામાપક્ષની પણ પાયમાલી થઈ, મરનારની વિધવા પત્ની અને એક ભાઈ કંગાલ થઈ ગયાં. ઘર બાર વિનાના થઈ ગયા. એના ગામનાં લોકોએ એમને એક નવું ઝૂંપડું બનાવી આપ્યું, ઘરવખરી આપી, અને એમાંથી લોકોના વૈતરા કરીને માંડ માંડ તેઓ ગુજરાન ચલાવવા લાગ્યા, પણ બે કુટુંબોની વચ્ચે, બેય જ્ઞાતિઓની વચ્ચે જબરજસ્ત વેરની પરંપરા ઊભી થઈ ગઈ. આ કેદી લોકો કહે છે કે અમને જેલમાંથી નીકળવા દો, (જન્મટીપની સજા સામાન્ય રીતે વીસ વર્ષે પૂરી થાય.) વીસ વર્ષ પછી બહાર નીકળવા દો આખા સામા કુટુંબને પાયમાલ ન કરીએ તો અમારું નામ નહિ' તો આ બાજુ પેલા ઠાકરડા પણ 'અમે તમારા દીકરાઓને ખતમ ન કરી નાંખીએ તો અમે ઠાકરડા નહિ' એવી વેરઝેરની પરંપરામાં આગળ વધી રહ્યા છે.

કુદરતી જ જૂન મહિનામાં મારે સાબરમતી જેલમાં વ્યાખ્યાન આપવા જવાનું થયેલું, તે વ્યાખ્યાન કંઈક અસરકારક બન્યું, અનેક કેદીઓની આંખમાં આંસુ હતા, જન્મટીપની સજા ભોગવતા પેલા ચારેય ખૂની કેદીઓની આંખમાં પણ આંસુ, સદ્‌વિચાર પરિવારના કાર્યકરોએ જોઈ લીધા. એ એમને ઓળખે, હું તો એક્કેયને ઓળખું

નહિ, એટલે એ દિવસનું પ્રવચન પત્યા પછી સદ્‌વિચાર પરિવારના પ્રમુખ શ્રી હરિભાઈ પંચાલ મારી પાસે આવ્યા, અને મને કહે, 'મહારાજ સાહેબ, આજના વ્યાખ્યાનની અસર ઘણી થઈ છે. આ ખૂનખાર કેદીઓના હૈયા પીગળ્યાં છે, થોડીક મહેનત કરીએ અને આ વેરઝેરની પરંપરા અટકે તો બહુ સારું, એ માટે અમે પ્રયત્ન કરીએ છીએ, જો અમારા પ્રયત્નોમાં અમે સફળ થયા તો આપને ફરીથી વ્યાખ્યાન આપવા જેલમાં આવવું પડશે.' મેં કહ્યું, 'ક્ષમા ધર્મની સાધના થતી હોય તો મારે આવવામાં વાંધો શો હોય ? ખુશીથી આવીશ.'

અને બન્ને પક્ષને સમજાવવાના પ્રયત્નો શરૂ કર્યા. મરનારની પાયમાલ થઈ ગયેલ પત્નીને અને ભાઈને, તથા જેલના કેદીઓને-ખૂનીઓને મળવાનું ચાલુ કર્યું. ઘણા ઘણા પ્રયત્નો અને ઘણી ઘણી સમજાવટ પછી બન્ને પક્ષો પરસ્પર ક્ષમાપના કરવા તૈયાર થયા.

'આ વેરઝેર તમને ક્યાં લઈ જશે ? તમારાં હૈયાં કેવાં શેકાતાં રહેશે ? તમારા કુટુંબ પાયમાલ થઈ જશે, તમારી જ્ઞાતિઓ કલંકિત થશે અને એ બધાના અંતે તમારો આત્મા દુર્ગતિના રવાડે ચડી જશે. જે થયું તે થઈ ગયું, હવે એ બધું ભૂલી જાઓ' એ એમને સમજાવવામાં આવ્યું.

પેલી વિધવા બાઈને પણ સમજાવી, 'તારો પતિ મરી ગયો છે તે હવે જીવતો નથી થવાનો. હવે તારે તારા દીકરાઓનો પણ એ નતિજો કરવો છે ? કાલે ઊઠીને એ વેરની પરંપરા ચાલુ રહી, તો કેદીઓ જેલમાંથી છૂટીને કોઈ તારા ભાઈને, કોઈ તારા દીકરાને મારી નાખશે. તું તો વિધવા બની છે હજુ શું કોઈના સૌભાગ્ય તારે નંદવવા છે ? શું મળશે તને ? તારું હૈયું શેકાતું જ રહેશે. તું ક્ષમા આપી દે.'




પોતાની દીકરીનું ખૂન કરનાર જમાઈને ક્ષમા કરી રાખડી બાંધતી મહાન સાસુ.
ગુજરાતના ગર્વનર આ વિરલ દ્રશ્ય નિહાળે છે.



મુનિશ્રી જિનચન્દ્રજી મહારાજના પ્રવચનને તન્મયતાથી સાંભળી રહેલા
અમદાવાદ સાબરમતી સેન્ટ્રલ જેલના કેદીઓ



પોતાના પતિનું ખૂન કરનાર ચાર કેદીઓને માફ કરી તેઓને
રક્ષાબંધન કરતા ઠાકોર મેરાજીના વિધવા પત્ની હીરા બેન



સાબરમતી જેલમાં જન્મટીપની સજા ભોગવતા ખૂની કેદીઓ
ક્ષમાનું આદાનપ્રદાન કરી મુનિશ્રી પાસે આશીર્વાદ લઈ રહ્યાં છે.

'જેણે મારા પતિને મારી નાખ્યો તેને હું ક્ષમા આપું ?' બાઈ કોઈ રીતે એ માટે તૈયાર ન થાય.

સદ્‌વિચાર પરિવારના કાર્યકર્તાઓ એ બહેનને સાત વખત મળ્યા, અને સાતમી બેઠકમાં બહેન કબૂલ થઈ, 'સારું, હું ક્ષમાપના આપીશ. પણ કઈ રીતે ક્ષમાપના આપવી ?' સંસ્થાના કાર્યકરોએ કહ્યું, 'રક્ષાબંધનનો દિવસ આવે છે તે દિવસે તારે જેલમાં આવવાનું. જેણે તારા ધણીને ખંજર અને ધારિયા હુલાવ્યા છે, તે ચારેય ખૂનીઓને હાથે રાખડી બાંધીને તારે ભાઈ બનાવવાના.'

પોતાના પતિને મારી નાખનારને પોતાનો ભાઈ બનાવવા જિગર જોઈએ. આ કોઈ સામાન્ય વાત નથી. આ બાઈ એ માટે કબૂલ થઈ.

પેલી બાજુ કેદીઓને સમજાવવામાં આવ્યા. એ કેદીઓ પણ પહેલાં તો સમજવા તૈયાર જ નહીં, આઠ બેઠક થઈ, આઠમી વખતે છેવટે એ સમજ્યા, અને કહ્યું અમે ક્ષમા આપવા તૈયાર છીએ.

'ક્ષમા આપીને શું કરશો ?' એમણે કહ્યું બોલો 'અમે શું કરીએ?' કાર્યકરોએ કહ્યું, 'કરવાનું બીજું શું હોય ? એનો કમાનારો તમે ઝૂંટવી લીધો છે, એ બાઈ લોકોનાં વૈતરાં કરીને પોતાના પેટનો ખાડો પૂરે એવી સ્થિતિમાં છે. તમે સુખી છો, અને જ્યારે એ બાઈ આટલી ઉદારતા દેખાડે, તમારા જેવા ખૂનીને એ ક્ષમા આપવા તૈયાર થાય, તમારી બહેન બનીને તમારા કાંડે રાખડી બાંધવા આવે તે વખતે ભાઈ તરીકે તમે એને હાથમાં શું આપશો ? કંઈક તમારે આપવું જોઈએ, જેથી એનું જીવન શાંતિ ભર્યું બની રહે.'

અને એ ચારે જણાએ નક્કી કરીને કબૂલ કર્યું કે એ ચારેય

જણાએ ભેગા થઈને પોતાના ઘરેથી મંગાવીને રૂ. ૫૦૦૧/- નું કવર મરનારની એ વિધવા બાઈને આપવું જેથી એની આજીવિકા કાંઈક શાંતિથી ચાલે.

આ બધો કાર્યક્રમ તૈયાર થયા પછી મને કહેવા આવ્યા, 'મહારાજ સાહેબ ! આ રીતે આખો કાર્યક્રમ નક્કી થયો છે, એની સાથે બીજા પણ આવા ક્ષમાપનાના ચાર કિસ્સાઓ છે, માટે આપે એ બધાને આશીર્વાદ આપવા અને પ્રેરણા આપવા સેન્ટ્રલ જેલમાં આવવું પડશે.'

હું જેલમાં ગયો, ત્યાં ૯૬૦ કેદીઓ સામે બેઠેલા હતા, ગુજરાતના ગર્વનર, ગૃહપ્રધાન તથા બીજી સમાજની અગ્રગણ્ય વ્યક્તિઓ પણ ઉપસ્થિત હતી, અને એ બધાની વચ્ચે, જેનાં વસ્ત્રોમાંય દરિદ્રતા ડોકાતી હતી એવી મોટી ઉંમરની એ બાઈને, મરનાર ઠાકોરની વિધવા પત્નીને સ્ટેજ ઉપર જ્યારે લાવવામાં આવી ત્યારે તેની આંખમાં દડદડ આંસુ ચાલ્યા જતા હતા, પોતાના પતિની યાદમાં એનું હૈયું ભીંજાયેલું હતું અને એ બાઈને રાખડીઓ આપવામાં આવી.

એ બાઈ ઊભી થઈ, આખું શરીર એનું ધ્રૂજે, પોતાના પતિની યાદમાં આંખમાંથી આંસુ ચાલ્યાં જાય અને એણે રોતાં રોતાં, પોતાના પતિનું જેમણે ખૂન કર્યું છે તેમના કપાળે વિજયનાં તિલક કર્યાં, શું એ દ્રશ્ય હતું ! પોતાના પતિને મારી નાખનારના અને પોતાનું સૌભાગ્ય ઝૂંટવી લેનારના કપાળે ચાંદલો કરવો, એનો વિજય ઈચ્છવો એ જેવી તેવી વાત નથી.

ચારેયને તિલક કર્યાં. આ ચાર કેદીઓમાં જે ખરેખર ખૂની હતો, જેણે ધારિયું મારીને આ બાઈના પતિની ખોપરી ફોડી હતી, તેના હાથે જ્યારે રાખડી બંધાઈ ત્યારે સભા વચ્ચે એ ખૂની પણ ધ્રૂસકે

ધ્રૂસકે રડી પડયો !

જે કામ સત્તા ન કરી શકે, જે કામ ઉપદેશ ન કરી શકે એ કામ ક્ષમા અને પ્રેમ કરી શકે છે. પથ્થર દિલના હત્યારાઓના હૈયા પણ પીગળાવી શકાય છે એ ત્યાં જોવા મળ્યું. સભામાં ભાગ્યે જ એવું કોઈ હશે કે એ ધ્રૂજતી બાઈ અને એ કેદીનાં આંખનાં આંસુ જોઈને જેમને સંવેદનાનાં આંસુ ન આવ્યાં હોય !

મારી પણ આંખો ભીની હતી, મને એમ થયું કે આ પ્રસંગે શું બોલવું મારે ? અને ચારેયને પોતાના ભાઈ બનાવ્યા પછી, રાખડી બાંધ્યા પછી એ ચારેય જણાએ ભેગા થઈને એ વિધવા બહેનને જ્યારે ૫૦૦૦ રૂપિયાનું કવર ધર્યું ત્યારે એ વિધવાબાઈ, બહારથી દરિદ્ર જીવન જીવતી એ બાઈ, અંતરની અમીરીને વરેલી એ બાઈ, ક્ષમા ધર્મથી સમૃદ્ધ બનેલી એ બાઈ પોતાના પતિના ચાર ખૂનીઓને કહે છે, 'ના મારે તમારા પૈસા નથી જોઈતા, પૈસા લેવા માટે મેં તમને ભાઈ નથી બનાવ્યા, મેં તો ક્ષમા ધર્મની આરાધના કરવા માટે તમને ભાઈ બનાવ્યા છે.'

પણ પેલા ખૂનીઓ કહે છે, 'ના અમારે તો બહેનના હાથમાં કંઈક આપવું જ છે, ભાઈનો હાથ પાછો ઠેલાય નહિ, તારે આ કવર લેવું જ પડશે.'

બાઈ વળી આગળ વધીને કહે, 'તમારે મને કંઈક આપવું જ છે ને ? તો તમે મને એક ચીજ આપો, મારું તો જે થયું તે થયું, તેને હું ભૂલી જવા માંગું છું પણ આજે મને એક વચન આપો કે 'હવે પછી જીવનમાં કદી આવું કામ અમે નહીં કરીએ'. આવેશમાં આવીને ખોટાં કામ કયારેય નહિ કરીએ.'

ખૂબ રકઝક ચાલી, અંતે બધાના આગ્રહથી એ વિધવા બાઈએ પૈસા લીધા તો ખરા. પરંતુ પોતાની જાત મહેનતના, લોકોનાં વૈતરાં કરીને મેળવેલા અગિયાર રૂપિયા એમાં ઉમેરી ૫૦૧૧/-નું એ કવર સદ્‌વિચાર પરિવારને સારાં કામો કરવા માટે દાનરૂપે અર્પણ કરી દીધું!

ક્ષમા અને નિસ્પૃહતા કઈ હદની હોઈ શકે ! ખાવાના વાંધા હોય, ને એવી પરિસ્થિતિમાં મફતમાં પાંચ હજાર રૂપિયા મળતા હોય તો તેને લાત મારવી એ શું નાનીસૂની વાત છે?

એક ઠાકરડાની કોમમાં જીવન જીવતી બાઈ ક્ષમા ધર્મનું આવું અદ્‌ભુત આરાધન કરી શકે છે અને દર વર્ષે પર્યુષણ પર્વની આરાધના કરનારા અને ક્ષમાપનાના વ્યાખ્યાન સાંભળનારા આપણે? 'ના, ના, હું એમ કેમ માફી આપું ? એ આમ બોલી ગયો હતો, એના મનમાં સમજે છે શું ?' એવી એવી ઘણી ગાંઠો રાખી જીવન જીવવું હોય તો કોને આપણે મહાન કહેવા એ મને સમજાતું નથી.

**મહાન કોણ ?**

જૈનકુળમાં જન્મીને અને જૈનધર્મની અનેકવિધ ધર્મક્રિયાઓ-તપશ્ચર્યાઓ કરીને પણ અહંકાર અને આવેશની જવાળાઓમાં સળગતા આપણે મહાન કે જેને જન્મથી જૈનત્વનો આદર્શ અને પ્રેરણા નથી મળ્યા છતાં ભગવાન મહાવીરની ક્ષમા અને પ્રેમની ભાવનાને જીવનમાં ચરિતાર્થ કરીને આવું વિરલ ઔદાર્ય દેખાડતી આ વિધવા સન્નારી મહાન ? જરા શાંત ચિત્તે વિચારજો.

## સત્ય ઘટના બીજી

# હત્યારા જમાઈને ક્ષમા આપતી સાસુ

એક હરિજન બાઈની પણ એજ દિવસે ક્ષમાપનાની ઘટના બની. એક હરિજન યુવાનના હરિજન કન્યા સાથે લગ્ન થયાં. લગ્નને ફક્ત બે જ વર્ષ વીત્યા હશે. એ બન્ને વચ્ચે વાંધો પડયો ને પતિપત્ની વચ્ચેના ઝઘડા શરૂ થયા. એ ઝઘડાઓ પરાકાષ્ટાએ પહોંચ્યા. એક દિવસ બે જણા, પતિ-પત્ની ખેતરેથી ઘરે આવી રહ્યા હતા, રસ્તામાં બોલાચાલી થઈ, અને આવેશમાં એ હરિજન યુવાને રસ્તામાંજ ચપ્પુ વડે પોતાની પત્નીનું ખૂન કરી નાંખ્યું, એનું પેટ ચીરી લોહીમાં તેને તરફડતી કરી મૂકી.

તે વખતે છોકરીની મા, આ યુવાનની સાસુ પણ સાથે જ હતી, તે વચ્ચે પડી તો આ યુવાને તેના ઉપર પણ ચપ્પાના સાત ઘા કર્યા, અને મારી નાખવાનો પ્રયત્ન કર્યો. બૂમાબૂમથી આજુબાજુના લોકો દોડી આવ્યા, તેમને છોડાવ્યા, એની સાસુ બચી ગઈ પણ એ યુવાનની પત્ની તો મરી જ ગઈ. આ ખૂન અંગે કાયદેસર પગલાં લેવાયાં, કોર્ટમાં કેસ ચાલ્યો, અને એ યુવાન આજે પણ સાબરમતી જેલમાં જન્મટીપની સજા ભોગવે છે.

પોતાની દીકરીને જેણે મારી નાખી છે, અને પોતાને મારી નાખવાનો જેણે પ્રયત્ન કર્યો છે એવા આ પોતાના જમાઈને ક્ષમા આપવા આ હરિજન બાઈ તૈયાર થઈ, પણ પેલો યુવાન ક્ષમાપના કરવા કોઈ રીતે તૈયાર થાય નહિ. મને હરિભાઈ કહી ગયા કે, બીજા કિસ્સાઓમાં આપણને સફળતા મળી છે પણ આમાં યુવાન માનતો નથી, અને એનો આવેશ શમતો નથી. પણ અંતે, રક્ષાબંધનની આગલી

રાતે એનું હૈયું પણ પીગળ્યું, એ પણ ક્ષમાપના કરવા માટે તૈયાર થયો.

હું પ્રવચન આપવા જેલના દરવાજે પહોંચ્યો ત્યારે મને સમાચાર આપવામાં આવ્યા કે બધા કેસોમાં બન્ને પક્ષોને સમજાવવામાં આપણે સફળ થયા છીએ. અને એમાં સંકળાયેલી અનેક વ્યક્તિઓ આજે પરસ્પર ક્ષમાનું આદાનપ્રદાન કરીને અંતરના ચોપડા ચોકખા કરવાની છે.

જેલમાં ચાલી રહેલા એ હૃદયસ્પર્શી સમારંભ પ્રસંગે એ સાસુ પણ સ્ટેજ પર આવી અને જે જમાઈએ પોતાની દીકરીને મારી નાંખી અને પોતાને મારવાનો પ્રયત્ન કર્યો હતો એને કપાળે એણે તિલક કર્યું, એના મોઢામાં ગોળની ગાંગડી મૂકી, હૃદયથી ક્ષમાપના કરી અને કહ્યું કે 'વહેલી તકે તમે જેલમાંથી છૂટી જાવ એવી પરમાત્માને પ્રાર્થના કરું છું. આ સાંભળી એનો ગરીબ જમાઈ પણ પીગળી ગયો તેણે કહ્યું, 'પ્રેમના પ્રતીક રૂપે અને મારા પાપના પ્રાયશ્ચિત રૂપે જેલમાંથી પણ હું દર મહિને મહેનત મજૂરી કરીને ઊભા કરેલ ત્રીશ રૂપિયા જીવનનિર્વાહ માટે મારી સાસુને મોકલતો રહીશ.

એની સાસુની વિશેષતા તો હવે સમજવા જેવી છે. એ હરિજનબાઈએ કહ્યું, 'જેવો આ યુવાન જેલમાંથી બહાર નીકળશે એટલે મારી બીજી નાની દીકરીને પણ હું એની સાથે જ પરણાવીશ. અને અમારા બે કુટુંબો વચ્ચે સ્નેહના સંબંધોને ફરી મજબૂત બનાવીશ.'

ક્ષમાધર્મનો ચમત્કાર જુઓ, કેવી હવા બદલાઈ ગઈ ! પોતાની દીકરીના હત્યારાને ક્ષમા આપ્યા બાદ ભૂતકાળ યાદ કરાય નહિ, કોઈ કળવાશ મનમાં રખાય નહિ. બીજી વહાલસોયી દીકરીને પરણાવીને

વેરઝેરના હિસાબ ચોખ્ખા કરવા છે અને સ્નેહના સંબંધ બાંધવા છે. આનું નામ સાચી ક્ષમાપના.

જેને જન્મથી ભગવાન મહાવીરનું ધર્મશાસન નથી મળ્યું, જેને ભગવાનના આદર્શો નથી મળ્યા, છતાં ક્ષમા ધર્મની આવી ઉચ્ચ સાધના કરનારી આ સન્નારીઓને આપણે જૈન નહિ કહીએ તો શું કહીશું ?

માનશો નહિ કે 'ભગવાન મહાવીરનો કાળ તો જુદો હતો. પાર્શ્વનાથ ભગવાન તો ચોથા આરામાં થઈ ગયા, ત્યારે બધું થાય. પણ આજે કાંઈ આવી ક્ષમા થાય ?' આ દ્રષ્ટાંતો કહે છે કે હા, આજે પણ થાય, સંકલ્પ કરો કે 'મારે મારા હૈયાને શુદ્ધ બનાવવું છે, મારે કષાયોની આગ ઠારી નાખવી છે. ક્ષમા રાખો, ક્ષમા માંગો, અને ક્ષમા આપો. એ ત્રણ તબક્કે ક્ષમા ધર્મની આરાધના કરવી છે' તો આ કાળમાં પણ બધું જ થઈ શકે. પડતાને પાટુ મારી પાડવાનો પ્રયત્ન કરતા નહીં, એને હાથ ઝાલી ઊભો કરવાનો પ્રયત્ન કરજો.

આ બધા પ્રસંગો જોઈને તે દિવસે પ્રવચનમાં કહેવાનું બીજું કાંઈ મને સૂજયું નહીં, મેં તો એ આત્માઓને ધન્યવાદ આપ્યા. મને થયું કે એમનો આત્મવિકાસ હવે દૂર નથી, એમનો આત્મા પરમાત્માની ઘણી નજીક પહોંચી ગયો છે. મેં એક શાયરીથી ત્યારે પ્રવચનનો પ્રારંભ કર્યો, એ શાયરી આપણને ઘણું ઘણું કહી જાય છે.

'યું तो हर दिल किसी दिल पे फिदा होता है,
प्यार करनेका तोर मगर जुदा होता है;
आदमी लाख संभलने पर भी गिरता है,
झूकके जो उसे उठा ले वो खुदा होता है.'

એક દિલ બીજા દિલને ચાહે, એવું તો દુનિયામાં બધે બને છે,

પણ ખરેખરો જે પ્રેમ છે, એ તો કંઈક જૂદું જ તત્ત્વ છે. પાપીને પણ પખાળે એનું નામ પ્રેમ. માણસ માત્ર ભૂલને પાત્ર, ભૂલ તો થાય. માણસ પડે એમાં નવાઈ નથી. પણ પડયાને પાટુ મારનાર ભૂલ કરી રહ્યો છે, હાથ પકડીને એને ઊભો કરનાર ધન્યવાદને પાત્ર છે.

ક્ષમા ધર્મની આરાધના કરવાની એટલે આ કાર્ય કરવાનું છે. કોઈની પણ પ્રત્યે ભૂલો થઈ હોય તો પ્રેમથી ક્ષમા માંગી લેજો. કોઈ નાનપ માનતા નહીં કે 'હું કેમ ક્ષમા માંગવા જાઉં ? ક્ષમા માગવા જઈએ તો આપણો વટ શું રહે ?' આવું કાંઈ જ વિચારશો નહીં. એક સંકલ્પ કરો કે મારે ક્ષમાપના કરવી જ છે.

એ જ રીતે કોઈ તમારી પાસે ક્ષમા માગવા આવે તો પ્રેમથી એને ક્ષમા આપી દેજો. ઉપર જણાવ્યા એવા તો કોઈ અપરાધો કર્યા નથી ને ? કોઈએ તમને ખંજર તો હૂલાવ્યા નથીને? હૈયું કૂણું થયું હોય તો વ્યાખ્યાનમાંથી ઊઠીને તરત જ જેની સાથે કંઈપણ થયું હોય તેની સાથે ક્ષમાનું આદાનપ્રદાન કરી લેજો, તો આ તક તમે જીતી જશો. વાસી થવા દીધું તો વળી કોક ચડાવનાર મળશે. 'જોજે ઢીલો પડતો નહિ, તો એ માથે ચડી બેસશે, હેરાન થઈ જઈશ,' આવું કહેનારા પણ હોય, માટે કામ તરત પતાવો, અને વિશ્વાસ રાખો, તમારું હૈયું સાફ છે, તમારે ક્ષમા ધર્મની આરાધના કરવી છે, તો એનો પડઘો સારો પડયા વિના રહેશે નહિ.

## હૃદયમાં ગાંઠ ન રાખો, હૃદયને શુદ્ધ કરો

આજે મારે તમારી પાસેથી આટલું જ માંગવું છે. બબ્બે મહિનાથી અહીં તમારી વચ્ચે છું, ઘણાં વ્યાખ્યાનો વાંચ્યાં છે, તે બધાનાં વળતર રૂપે મને કંઈક માગવાનો અધિકાર હોય તો હું તમારી

પાસેથી માંગું છું કે તમારા હૈયાના બધા કષાયો મને આપી દો, હું આજે ઝોળી પાથરું છું, તમે તમારાં હૈયાં સાફ કરી નાંખો. મનમાં કોઈ ગાંઠ રાખતા નહિ.

તમારા ગૃહજીવનને શાંતિભર્યું બનાવો, સ્વસ્થતાભર્યું અને સ્વચ્છતાભર્યું બનાવો, સ્નેહભર્યું અને સૌજન્યભર્યું બનાવો. તમારા હૈયામાં પડેલી વેરઝેરની ગાંઠો અને કષાયોનો બધો કચરો લાવી લાવીને, વીણી વીણીને મને આપી દો. હું એને ઊંચકીને દૂર ફેંકી આવીશ, મને ખાતરી છે કે તમારી સમક્ષ મૂકેલા વિચારો નકામા જવાના નથી, આનું દિવ્ય પરિણામ તો મને મળશે જ.

### સત્ય ઘટના ત્રીજી

## ભાઈ બહેનનાં અબોલા છૂટે છે

કચ્છના માંડવી શહેરમાં અમે ચાતુર્માસ હતા. ક્ષમાપનાનું વ્યાખ્યાન ગોઠવાયું, ઘણી બધી વાતો મેં કરી, વ્યાખ્યાન ઊઠયું અને એક બહેન દોડતા આવ્યા અને એક ભાઈના પગમાં પડી ધ્રૂસ્કે ધ્રૂસ્કે રડી પડયા અને ક્ષમા માંગી.

હું વિચારમાં પડી ગયો કે છે શું ? તપાસ કરતાં ખબર પડી કે એ બંને સગા ભાઈ-બહેન હતાં. એ બહેને અઠ્ઠાઈ કરેલી, સગા ભાઈ-બહેન વચ્ચે ચાર વર્ષથી અબોલાં હતાં, રક્ષાબંધન કે બીજા કોઈ પ્રસંગે બહેન ભાઈના ઘરે જાય નહિ. સારા કે માઠા પ્રસંગે ચાર વર્ષથી બહેને કોઈ દિવસ ભાઈના ઘરે પગ મૂકયો ન હતો, અને ભાઈએ પણ બહેનના ઘરનું પાણી પીધું ન હતું.'

પણ મેં વ્યાખ્યાનમાં કહ્યું, 'તમે ક્ષમાપના નહિ કરો તો તમારી

અઠ્ઠાઈઓ નકામી જશે. ભૂખમરા થઈ જશે. સમજશો નહિ કે આ તપ તમને તારી દેશે.' મારી એ અપીલ પેલાં તપસ્વી બહેનનાં હૃદયને સ્પર્શી ગઈ અને આ બહેન દોડતી આવી અને એના ભાઈના પગમાં પડી ગઈ, કહ્યું, 'મારી ભૂલ થઈ છે, મને ક્ષમા કરો.' ગમે તેમ તોય એ ભાઈ હતો, પથ્થર નહોતો, પોતાની બહેન આંસુ સાથે પગમાં પડતી આવે અને ચોથા ઉપવાસે ક્ષમા માંગે ત્યારે ભાઈનું હૈયું ન પીગળે એમ તમે માનો છો ? ભાઈ એ કહ્યું, 'બહેન, તું રડ નહિ, ભૂલ તારી નથી, ભૂલ મારી છે. તું મને ક્ષમા કર.' બહેન કહે, 'મારી ભૂલ છે મને ક્ષમા આપો.' ભાઈ કહે છે, 'તારી નહિ મારી ભૂલ છે મને ક્ષમા આપ.' આમ પરસ્પર અબોલા છૂટયાં અને ક્ષમાપના થઈ ગઈ. ભાઈએ ત્યાં જ બહેનને આમંત્રણ આપ્યું કે 'અઠ્ઠાઈનું પારણું મારે ઘરે કરવા આવજે. આજે હું તારા ઘરે આવું છું, ચાલ ચા મૂક, મારે તારા ઘરની ચા પીવી છે.'

એક હૃદયપૂર્વકની અપીલ અને ક્ષમાધર્મનું સમજાયેલું મહત્ત્વ ચાર વર્ષના અબોલાં પણ છોડાવી શકે છે. ભાઈ બહેનના બગડેલા સંબંધોને પુનર્જીવિત પણ કરી શકે છે.

આવો આશાવાદ તમારા માટે એટલા માટે છે કે તમે જેવા તેવા નથી. સંસ્કારી માતાપિતાનું સંતાન છો, ભગવાનના શાસનને પામેલા ભાગ્યશાળી આત્માઓ છો, તમારી પાસે હું આટલી અપેક્ષા ન રાખું તો કોની પાસે રાખું ? મારે તમારી પાસેથી બીજું કંઈ જ જોઈતું નથી, તમે તમારા હૈયાને હળવા બનાવો. આ વેરઝેરની આગમાં શેકાતા ન રાખો, જે પણ થઈ ગયું હોય તે ભૂલી જઈને ક્ષમાથી નાહી લો અને સહુને નવડાવી દો. તક મળી છે તો એને ઝડપી લો અને પર્યુષણ

પર્વને સફળ બનાવી લો.

## સત્ય ઘટના ચોથી

## બાપ દિકરાને પગે પડે છે

થોડા વર્ષ પહેલાં અમદાવાદની એક સોસાયટીમાં અમારું ચોમાસું હતું. પર્યુષણ પર્વ આવ્યાં, ક્ષમાપનાનું પ્રવચન થયું. ત્યાંના બાર વ્રતધારી એક આગેવાન શ્રાવક, પર્વતિથિએ હંમેશા પૌષધ કરનારા, રોજ પૂજા કરનારા, અનેકવિધ આરાધનાઓથી ભર્યું ભર્યું જીવન જીવનારા, વ્યાખ્યાન પૂરું થતાં મારી પાસે આવ્યા, મને એક રૂમમાં લઈ જઈ એકાંતમાં કહે, 'મહારાજ સાહેબ ! છેલ્લાં સત્તર વર્ષથી મારા દીકરા સાથે મારે અબોલા છે. દર વર્ષે પૌષધ કરું છું, અનેક આરાધનાઓ કરું છું, પણ આ ખ્યાલ જ ન હતો કે ક્ષમાપના ન કરું તો મારી બધી આરાધના નકામી બની જાય. આવી અસરકારકતાથી આ વાત આજ સુધી મને કોઈએ સમજાવી નહોતી. મારે હવે મારા હૃદયને હળવું બનાવવું છે, નિર્મળ બનાવવું છે, મારો દીકરો મારી સાથે બોલતો નથી. એકમેકના ઘરે અમે પગ મૂકતા નથી. પણ મારે હવે એ અબોલા તોડવા છે.

આજના વ્યાખ્યાનમાં આપે કહ્યું છે, 'તમે ખમાવજો, સામાવાળો ક્ષમા માંગે કે ન માંગે, ક્ષમા આપે કે ન આપે, પણ તમે ખમાવો છો તો તમે આરાધક છો, એ ક્ષમા આપે તો સારું, ન આપે તો એનું દુર્ભાગ્ય, પણ તમે હૃદયની સરળતા દેખાડી એટલે તમે જીતી જાઓ છો.'

આ સાંભળીને મને ભાવ જાગ્યો છે કે એ ભલે મારો દીકરો હોય, એણે ભલે નાદાનીયત કરી હોય, પણ 'નાના મોટાના વિચાર

કરતા નહિ, ક્ષમા માંગે એ મોટો છે.' તમારી એ પ્રેરણાને ઝીલીને મહારાજ સાહેબ, મારે આજે જ દીકરાના ઘરે જવું છે, મારે ક્ષમા માંગી લેવી છે. સાહેબ, વાસક્ષેપ નાંખો અને આશીર્વાદ આપો, અમારા સંબંધો વચ્ચેની કલુષિતતાનો અંત આવે.

અને એ વૃદ્ધ શ્રાવક વાસક્ષેપ નંખાવીને સીધા એમના દીકરાને ઘરે પહોંચ્યા. તે દીવસે એમનું એકાસણું હતું. એક વાગે દીકરાને ઘરે પહોંચે છે, દીકરો હીંચકા ઉપર બેસી હીંચકા ખાતો હતો, એને આવી કોઈ કલ્પના પણ ન હોય, આજે સત્તર વર્ષે પોતાનો સિત્તેર વર્ષનો બાપ સામે ચાલીને પોતાના ઘરે આવે છે. એ દીકરો જોઈ રહ્યો, પણ હજુ ઊભો થતો નથી. કેટલી કડવાશ હશે ! પણ બાપ ઘરમાં દાખલ થઈ, હીંચકા પાસે પહોંચી, દીકરાના પગમાં પડી ગયો! અને કહ્યું 'દીકરા, મને ક્ષમા કર, હું ક્ષમા માગવા આવ્યો છું. શું તું મને ક્ષમા નહિ આપે ?'

અણધારી આ ઘટનાથી સ્તબ્ધ થઈ ગયેલો દીકરો હીંચકા ઉપરથી ઊભો થઈ જાય છે. આંખમાં આંસુ સાથે પિતાના પગમાં પડી જાય છે. 'મને ક્ષમા કરો, તમે પગમાં ન પડો, પિતાજી ! મને પાપમાં ન નાંખો, ભૂલ મારી છે. હું તમને ઓળખી શકયો નહિ, મને ક્ષમા કરો.' આંખમાં આંસુ સાથે બાપ દીકરાએ ત્યાં પરસ્પર ક્ષમાપના કરી, બાપે કહ્યું, કે 'મારે એકાસણું છે, રસોઈ કરાવ. આજે આપણે સાથે જમીશું.' અને આમ સત્તર વર્ષે એ બાપ-દીકરો સાથે બેસીને જમ્યા ! સાંજે એ વૃદ્ધ શ્રાવકે આવીને મને વાત કરી, 'સાહેબ, તમારો ઉપકાર ન થયો હોત અને વેરની આ ગાંઠ રાખીને મરી જાત તો મારું શું થાત? મારી તો જિંદગી સુધરી ગઈ. આજે મારૂં હૈયું ઘણું હળવું થઈ ગયું છે.'

# સામાને સુધરવાની તક આપો

એક વ્યક્તિની નમ્રતા, સરળતા અને ઉદારતા અનેક વ્યક્તિઓના જીવનમાં ચમત્કાર સર્જી શકે છે. અને આવી તક આજે તમારી સામેય આવીને ઊભી છે. કોઈના ઘરમાં માથાકૂટ હોય જ નહિ, કે કયારેય થઈ ન હોય એમ માનવા હું તૈયાર નથી, ઓછા વત્તા અંશે તો મનદુઃખની આવી બાબતો બન્યા જ કરે. વાસણો ભેગાં હોય તો કયારેક ખખડે ય ખરાં. કોઈ સાસુ-વહુ વચ્ચે, કોઈ દેરાણી-જેઠાણી વચ્ચે, કોઈ ભાઈ-ભાઈ વચ્ચે દીવાલો ઊભી થઈ પણ હશે, આવું બધું તો સંસારમાં ચાલ્યા જ કરે, એમાં કોઈ નવાઈ નથી.

પણ આજે જો તમારું હૈયું પીગળ્યું હોય તો વહેલામાં વહેલી તકે ક્ષમાપના કરી દેજો. ક્ષમા માગવા દોડી જજો. કોઈ તમારી પાસે ક્ષમા માગવા આવે તો તેના ભૂતકાળને યાદ કર્યા વિના, એની ભૂલોને યાદ કરાવ્યા વિના, એક પણ ટોણો સંભળાવ્યા વિના, એક પણ કટુવચન કીધા વિના, જેટલી નમ્રતાથી એ ક્ષમા માગવા આવ્યો છે એટલી જ હૃદયની ઉદારતાથી તમે એને ક્ષમા આપી દેજો, સ્નેહથી એને નવડાવી દેજો.

તમારે બીજું કાંઈ કહેવાની જરૂર નહીં પડે. તમારા હૃદયની ઉદારતા જ એના વિચારોનું પરિવર્તન કરી દેશે, તમે એને સુધરવાની એક તક આપો. તમે એને કહો કે 'ભાઈ ! તારે આમાં જરાય સંકોચાવાની જરૂર નથી, તેં જાણી જોઈને કયાં ભૂલ કરી છે?, થઈ જાય, સંસારમાં ભૂલ તો સૌ કોઈથી થાય, વાંધો નહિ, મારા મનમાં કાંઈ જ નથી, તું પણ તારા મનમાં કાંઈ રાખતો નહિ. આપણે ભૂતકાળને ભૂલી જઈએ અને નવેસરથી સ્નેહભર્યું જીવન જીવીએ.'

સંવત્સરીના પ્રતિક્રમણ કરતાં પહેલાં આ સંસારના કોઈ પણ જીવ પ્રત્યે હૃદયમાં દુર્ભાવના ન રહી જાય, વેરઝેરની કે કષાયોની ગાંઠો ન રહી જાય, એ માટે સતત સાવધાન રહેજો. હૃદયને શુદ્ધ અને શાંત કરી જ લેજો. સંવત્સરી પહેલાં આ સાત દિવસ મળ્યા છે તેમાં આ કામ કર્યા વગર રહેતા નહિ. હું તમારી પાસે આટલું જ ઈચ્છું છું.

મને જ્યારે સમાચાર મળશે કે એક વ્યક્તિના જીવનમાં પણ શાંતિ પથરાઈ, એક કુટુંબ પણ સ્વસ્થતાથી જીવન જીવતું થયું, કોકના હૈયાની વિશુદ્ધિ થઈ, કોઈક આત્માએ કષાયો છોડીને સમ્યગ્‌દર્શનને નિર્મળ બનાવ્યું. ત્યારે મને થશે કે ભલે મેં ત્રણથી પાંચ વાગ્યા સુધી ગળું તાણીને પરસેવો ઉતાર્યો, મારો એ શ્રમ લેખે છે. શું તમે આટલો આનંદ અને સંતોષ મને નહિ પમાડો ?

## વિકલ્પો બધા ફગાવીને નમ્રતાથી નમી પડો

હું તમારી પાસે બહુ મામુલી અપેક્ષા રાખું છું. મારે કંઈ જ નથી જોઈતું. તમે આ કરો કે તે કરો, એ મારે તમને કહેવું નથી. તમે અહીં પૈસા ખર્ચો કે ત્યાં ખર્ચો એ વાત પણ માંડવી નથી. મારે તો તમને એટલું જ કહેવું છે કે ક્ષમાધર્મની આરાધના કરો, તકને જવા દેતા જ નહિ, મનમાં કોઈ પણ ગૂંચવાડો રાખશો નહિ. ‘હું ક્ષમા માંગવા જઈશ પણ એ નહિ આપે તો ? હું ક્ષમા માગીશ તો એનો રોફ વધી જશે કે ‘જો એની ભૂલ હતી તો આવ્યોને એ નમતો ?’ આવું કાંઈ વિચારતા થશો તો અનાદિકાળનું અવળચંડુ મન બધા વિકલ્પો જગાડશે, પણ આ ભગવાનના ધર્મ શાસનને પામ્યાની કોઈ ખુમારી હોય, જો એનું કંઈ મૂલ્યાંકન હોય, ભગવાન મહાવીરનો કોઈ આદર્શ નજર સામે રમતો હોય તો આ બધા વિકલ્પો બાજુ પર મૂકી દઈને એકવાર

નમી પડજો, અને ખુલ્લા દિલે ક્ષમાપના કરી લેજો.

### સત્ય ઘટના પાંચમી

## ક્ષમાપનાથી ઊજળું બનેલું માસખમણ

ગઈ સાલ અમદાવાદમાં અમે ચોમાસું હતાં, એક બહેને માસખમણ કરેલું, પર્યુષણમાં ક્ષમાપનાનું વ્યાખ્યાન ચાલ્યું, એ બહેનને પણ એવું જ બન્યું હતું. સગા ભાઈ-બહેન વચ્ચે અણબનાવ હતો. મામૂલી વાતમાં મનદુ:ખ થયેલું કે 'હું રાખડી બાંધવા આવેલી ત્યારે પણ તેં મને સાડી નહોતી આપી.' ઘણીવાર મનદુ:ખમાં કોઈ મોટા કારણો હોતા જ નથી, 'આ બહેનને આવું આપ્યું અને મને એનાથી હલકું આપ્યું, પણ એને મારી ન પડી હોય તો મારે પણ એની શું પડી છે ?'

આવી નાની નાની અપેક્ષાઓ અને ગેરસમજણોમાંથી મનદુ:ખની દીવાલો ઊભી થાય છે. અને એ દીવાલો વ્યક્તિના અંતરને ક્ષુબ્ધ કરી નાંખે છે. પેલા બહેનને માસખમણની તપશ્ચર્યા ચાલે. મને ભાઈ-બહેનના અણબનાવની આ વાતની કંઈ ખબર ન હતી, પણ મેં તો સ્વાભાવિક રીતે વ્યાખ્યાનમાં ક્ષમાપનાની વાત કરી.

વ્યાખ્યાન પૂરું થયા બાદ એ બહેન મારી પાસે આવ્યાં, તેમણે કહ્યું, 'મારે મારા ભાઈ સાથે ક્ષમાપના કરવી છે. પણ એ તૈયાર થાય એવો નથી, તો આપ કંઈક રસ્તો બતાવો. મેં કહ્યું, 'એ ભાઈને અહીં બોલાવી લાવો તો હું સમજાવું', તો મને કહ્યું, 'એ તો 'બારેજા' ગામે રહે છે, અમદાવાદમાં નથી', મેં કહ્યું, 'તો હું લાચાર ! છતાં તમે એક પ્રયત્ન કરો', એ બહેનને મેં સમજાવ્યું કે તમારે કઈ રીતે ભાઈ પાસે વાત મૂકવી, કઈ રીતે સમજાવવું, ક્ષમા કેમ માગવી, વિગેરે... અને

સાથે જ સમજાવ્યું કે 'જો જો, જરાયે નિમિત્ત આપતા નહિ, કોઈ આડા અવડા શબ્દો બોલી નાખશો તો કામ બગડી જશે. ઠંડું મગજ રાખીને જો તમારી જવાની તૈયારી હોય તો જજો. તમે ક્ષમા માંગશો ત્યારે કદાચ તમારો ભાઈ ચાર કડવી વાતો પણ સંભળાવશે, એ સાંભળવાની અને ક્ષમા રાખવાની તૈયારી હોય, પર્યુષણ પર્વ લેખે લગાડવા હોય, માસખમણ સફળ બનાવવા હોય અને તે માટે અહંકારનો આટલો ભોગ આપવાની તૈયારી હોય તો જજો.'

મને એ બહેને કહ્યું, 'મારી બધી તૈયારી છે. કષાયોના કારણે મારી તપશ્ચર્યા નકામી જતી હોય અને આજે આપે સમજાવ્યું તેમ જો જિનશાસનની બહાર મૂકાઈ જતા હોઈએ તો એવી સજા મારે નથી ભોગવવી.' એ બહેન પોતાના ભાઈ પાસે ક્ષમા માંગવા 'બારેજા' ગયા. પરિણામ એવું સુંદર આવ્યું કે એ ભાઈ બારેજાથી બાકીના પર્યુષણ ઊજવવા વિદ્યાશાળા - અમદાવાદ દોડી આવ્યા. ત્યાં આવીને સતત પોતાની તપસ્વી બહેનની સેવામાં રહ્યાં, પ્રવચનો સાંભળ્યાં અને બહેનને માસખમણનું પારણું એ ભાઈએ પોતાના હાથે કરાવ્યું.

તમે તૈયાર થાઓ. સામે પડઘો પડશે જ. મારો તો વર્ષોનો અનુભવ છે કે સાચા હૃદયની ક્ષમાની યાચના અને ક્ષમાનું દાન કયારેય નિષ્ફળ જતાં નથી.

શુદ્ધ હૃદયથી ક્ષમા માંગો.
ઉદાર ભાવથી ક્ષમા આપો.

વિશ્વમૈત્રીની માત્ર વાતો કરવાથી કામ નહિ ચાલે, 'મિચ્છામિ દુક્કડમ્'ના ઘોષ ગજવવાથી કામ નહિ પતે. શરૂઆત અહીંથી કરો. કોઈના પણ અપરાધ તમે કર્યા છે, તો એના ખોળામાં માથું મૂકીને રડી

પડો અને કોઈ અપરાધી તમારી પાસે ક્ષમા માંગતો આવે તો તેને હૈયે વળગાડી દો, પ્રેમથી એને વધાવી લો, સ્નેહથી સત્કારી લો અને ક્ષમાધર્મની આરાધના કરી લો. તમારા કુટુંબજીવનની સ્વસ્થતા, તમારા વ્યક્તિગત જીવનનું હિત અને તમારા આત્માનો વિકાસ એમાં જ રહેલાં છે. આપણે બધું જ કરીશું પણ કષાયોને શિથિલ ન કર્યા તો હારી જઈશું. કદાચ બીજી આરાધનાઓ ઓછી થશે પણ કષાયોને મંદ કરવાની સિદ્ધિ મળી ગઈ હશે તો જિંદગી જીતી જઈશું.

## ક્ષમાપના ક્યારે કરવાની ?

આજે તો સંવત્સરી પ્રતિક્રમણ કરીને પછી બીજે દિવસે બધા ક્ષમાપના કરવા નીકળે છે. ખરેખર તો પ્રતિક્રમણ પહેલાં ક્ષમાપના થઈ જવી જોઈએ તો શુદ્ધિ ટકે.

પ્રતિક્રમણ પછી તો કોની સાથે ક્ષમાપના કરવાની ? જેની સાથે વિશેષ કંઈજ એવું બન્યું નથી, પણ માત્ર આપણે સંબંધમાં છીએ એટલે વ્યવહારથી ક્ષમાપના કરવી જોઈએ. તો એને તો માત્ર જાણ કરવાની હોય કે 'પ્રતિક્રમણ કરતાં સૌ જીવોને ખમાવ્યા હતા ત્યારે તમને પણ ખમાવ્યા છે,' પણ જેની સાથે પરસ્પર ઘર્ષણ, મનદુઃખ કે અણબનાવ થયાં છે અને જ્યાં ખરેખર ક્ષમા માંગવાની હોય, ત્યાં તો પ્રતિક્રમણ કરતાં પહેલાં જ એ કાર્ય પતાવી આવવું જોઈએ.

નજીક હોય તો રૂબરૂ જજો. બહુ દૂર હોય તો સંવત્સરીનું પ્રતિક્રમણ કરતાં પહેલાં એને તમારી ક્ષમાપના પહોંચી જાય એ રીતે કાગળ લખી નાંખજો કે ફોનથી ક્ષમાપના કરી લેજો, 'ભાઈ મેં તને ખમાવ્યો છે, હું બધું ભૂલી જવા માગું છું, પ્રેમથી તારી સાથે જીવવા ઈચ્છું છું. મને ખાતરી છે કે તું પણ મને એટલી જ ઉદારતાથી ક્ષમા

આપીશ. મારે કોઈ વેરઝેર રાખવા નથી. તેં પણ મને ક્ષમા આપી છે તેની જાણ વહેલી તકે કરજે. જેથી મારા હૈયામાં શાંતિ થાય, અને મારું પ્રતિક્રમણ શુદ્ધ થાય.' આવા પત્રો સંવત્સરી પહેલાં પહોંચે એ રીતે લખી નાંખજો.

## મિચ્છામિ દુક્કડમ્‌ના કાગળ ક્યારે લખવાના ?

પર્યુષણ પતી ગયા પછી તો માત્ર જાણ કરવી હોય તેને જ. વ્યવહારીકરૂપે ક્ષમાપનાના પત્રો લખાય. પણ જે કોઈના ચિત્તમાં સંકલેશ જન્માવવામાં નિમિત્ત બન્યા હો તેની સાથે તો પહેલેથી જ ક્ષમાપના કરી લ્યો. તો જીવન જીતી જશો.

આ વખતે આવું કાંઈ કરશો? કે કોઈની સાથે કંઈ થયું જ નથી? ક્ષમાના અવતાર થઈને જ જીવન જીવ્યા છો ? થાય, કષાય તો થઈ જાય. એમાં મોટી વાત નથી. પણ એની કબૂલાત કરવી અને કબૂલાત ભર્યા હૈયે ક્ષમાનું આદાનપ્રદાન કરવું એમાં જ જીવનની ધન્યતા છે અને એવી ધન્યતાને પામ્યા વિના રહેતાં નહિ.

## કોઈની સાથે અબોલા રાખશો નહિ

બબ્બે મહિના સુધી જે વ્યાખ્યાનો વાંચ્યાં છે અને હજુ પણ ત્રણ મહિના સુધી જે વાંચવાનો છું એનું કોઈ વળતર જો તમારે મને આપવાનું હોય. (જોકે જ્ઞાની પુરુષોએ કહ્યું છે કે નિરાશંસ ભાવે જ પ્રવૃત્તિ કરવી. પણ છતાં થોડુંક મન થઈ જાય છે, એટલે માંગ્યા વિના રહી શકતો નથી, કે એના બદલામાં તમે કંઈક આપી શકતા હો) તો હું તમારી પાસે આટલી અપેક્ષા રાખું છું, કે મારા સંપર્કમાં આવ્યા પછી તમારાં હૈયાં અને તમારાં જીવન સુધરવાં જોઈએ. અત્યારે ઘણાં

બધાંએ ક્ષમાપનાનું આ પ્રવચન સાંભળ્યું છે, ઘણાંના હૈયામાં શુદ્ધિ કરી લેવાના ભાવો જાગ્યા હશે, લોઢું તપેલું છે ત્યારે ઘા મારી દેજો અને આ ક્ષમાપનાનું કાર્ય વહેલી તકે પતાવી લેજો. તમારા તરફથી મને એ સાચી ગુરૂદક્ષિણા મળી કહેવાશે.

તમારા ઘરે ઘણીવાર ગોચરી વહોરવા આવ્યો છું. રોજ પાત્રા ધરું છું પણ આજે તમારી સામે ખોળો પાથરું છું. તમે તમારા હૈયાના કષાયો મને આપી દો. ન સળગો તમે એમાં ! ન સળગાવો કોઈને એમાં! તમે તમારા કષાયો ફેંકી દો, વેરઝેરની બધી ગાંઠો, વૈર્મનસ્યો અને બધા દુર્ભાવોને ઊંચકી ઊંચકીને અહીંયા મને આપી દો, હું પોટલું બાંધીને એને કયાંક દાટી આવું, કયાંક ફેંકી આવું.

કોઈની સાથે અબોલા રાખશો નહિ.

કોઈની સાથે વેરઝેર કરશો નહિ.

જે કાંઈ થઈ ગયા હોય તેને પણ શમાવી દીધા વગર રહેશો નહિ. સંવત્સરી પ્રતિક્રમણ કરતાં પહેલાં હૃદયની ચાદર એકદમ ચોખ્ખી કરી નાંખજો. પછી તમે જોજો એ પ્રતિક્રમણ હૈયાને કેવી હળવાશ આપે છે. '**मित्ति मे सव्वभूएसु**' એ શબ્દ બોલીએ અને જગતના સર્વ જીવો પ્રત્યે મૈત્રીના તાંતણે બંધાઈ ગયાની અનુભૂતિ આપણે કરીએ.

તમે તમારા જીવનને હળવું બનાવો.

તમે તમારા હૃદયને વિશુદ્ધ બનાવો.

તમે તમારા વ્યવહારને નિર્મળ બનાવો.

તમે તમારા કષાયોને બાળીને ભસ્મ કરી નાંખો. આટલી જ મારી તમારી પાસેથી એક અપેક્ષા છે. એ પૂર્ણ કરો. ખૂબ પ્રેમથી પૂર્ણ

કરો. મારા હૃદયમાં આનંદ અનેક ઘણો વધી જશે. તમારી પાછળ કરેલી આ થોડી ઘણી મહેનત લેખે લાગી ગઈ એમ હું માનીશ. આવો સંતોષ તમારે મને પહોંચાડવાનો છે. તે માટે તમારે 'ક્ષમા રાખો', 'ક્ષમા માંગો' અને 'ક્ષમા આપો' આ ત્રણ સ્તરે ક્ષમા ધર્મની આરાધના કરી તમારા જીવનને શણગારવાનું છે.

## છેલ્લે એક મહત્ત્વની વાત

સાથે સાથે છેલ્લી મહત્ત્વની વાત કે તમને આટલી બધી ક્ષમાપનાની વાતો કરું અને હું જ કોઈ ક્ષમા ધર્મનું પાલન ન કરું તો કેમ ચાલે ? અને ભગવાનનું શાસન મને એમ કહે છે કે સંસારની અંદર જીવન જીવતો કોઈપણ જીવાત્મા ભૂલો કરી શકે છે. સંસારી જ ભૂલો કરે છે એવું નથી, સાધુથી પણ ભૂલ થઈ શકે છે. અને એવી ભૂલો મારાથી ન થઈ હોય એવું માનવાને કોઈ કારણ નથી.

તમારા સંઘ સાથે અને અહીં બેઠેલી આ જનતા સાથે પહેલાં ભાગ્યે જ કોઈ અમારો પરિચય હતો. પણ છેલ્લા બે ત્રણ મહિનાથી ચાર્તુમાસ કરવા તમારા સંઘમાં આવ્યા ત્યારથી આપણે નવા ધર્મ સંબંધોથી જોડાયા છીએ, એક જ ભગવાનના ધર્મશાસનના સભ્યને નાતે આપણે પરિચયમાં આવ્યા છીએ. આ બે મહિનામાં લગભગ રોજ વ્યાખ્યાનો વાંચવાનાં થયાં છે. વ્યાખ્યાનમાં ઘણી વખત બહુ કડક થઈને પણ મેં વાતો કરી છે. કોકવાર તમને હસાવીને પણ વાતો કરી છે તો કોઈક વાર તમને આકરી લાગે એવી પણ વાતો કરી છે. અલબત્ત, દરેક પ્રસંગે મારા હૃદયમાં કોઈપણ વ્યક્તિ માટે દુર્ભાવ તો આવ્યો જ નથી. હંમેશા શુભ ભાવ જ રહ્યો છે.

ભાવ એક જ છે કે મારા ભગવાનના શાસનને પામેલા આ આત્માઓ કંઈક વિકાસ કરીને જાય તો સારું, કોઈક ચીમકી લાગે તો સારું. તમારા પ્રત્યેની આ ઊંડી મમતા, તમારી પ્રત્યેનો એ સાચો પ્રેમ અને વાત્સલ્ય જ કયારેક મને ગરમ પણ કરે છે ને કયારેક મને કડક પણ બનાવે છે. પણ એની પાછળ તમારી પ્રત્યેનો નિઃસ્વાર્થ પ્રેમ છે. આ પ્રેમથી પ્રેરાઈને જ કયારેક કડક વાતો કરી હશે. કોઈકવાર તમને ન ગમે અવું વર્તન પણ જાણે અજાણ્યે અમારાથી કોઈના પ્રત્યે થઈ ગયું હશે. એ માટે આજે મારે પણ સહુની ક્ષમા માંગવી છે.

અલબત્ત ચોક્કસ, મને એક આનંદ છે કે જ્યારથી અહીં આવ્યા છીએ ત્યારથી ખૂબ આનંદપૂર્ણ દિવસો પસાર થયા છે. અમને સંઘ તરફથી પૂર્ણ સંતોષ છે અને સંઘને અમારાથી સંતોષ છે મનદુઃખ થાય તેવું કાંઈ પણ પરસ્પર બન્યું નથી, કોઈ મતભેદો કે મનભેદો પણ થયા નથી પણ છતાં જાણે કે અજાણ્યે કોઈ વ્યકિત પ્રત્યે દુર્ભાવ જાગી ગયો હોય, કોઈકના ચિત્તની પ્રસન્નતા ખંડિત કરવામાં અમે જાણે કે અજાણ્યે કયારેક નિમિત્ત બની ગયા હોઈએ તો એ માટે હું પણ આજે ક્ષમા માંગી લઉં.

આ અઢી મહિનામાં સકળ સંઘે, સંઘની નાની-મોટી બધી વ્યકિતઓએ અમારી પ્રત્યે કેટલો સદ્ભાવ દેખાડયો છે ! કેટલી મમતા બતાવી છે ! કેટલો પ્રેમ આપ્યો છે ! તે છતાં અમારી કોઈ ક્ષતિના કારણે આવા પ્રેમપૂર્ણ તમારાં હૈયાને કયાંય ચોંટ લાગી ગઈ હોય, કોઈ વાર અમારા નિમિત્તે તમારા ચિત્તમાં સંકલેશ જાગી ગયો હોય કે બીજી કોઈ ભૂલ જાણે અજાણ્યે અમારાથી થઈ ગઈ હોય તો સકળ સંઘ પાસે, સંઘની એક એક વ્યકિત પાસે આજે અંતઃકરણથી ક્ષમા માગું છું.

'मिच्छामि दुक्कडम्'

# પ્રવચન શ્રવણથી
# જીવન પરિવર્તન

**કેટલીક સત્ય ઘટનાઓને રજૂ કરતા પત્રો**

પૂજ્ય જિનચન્દ્રજી મહારાજે ગુજરાત રાજ્યની સેન્ટ્રલ જેલ (સાબરમતી જેલ)માં ખૂનખાર કેદીઓ સમક્ષ જે હૃદયસ્પર્શી પ્રવચન આપ્યું હતું અને ખૂની કેદીઓના હૃદય પરિવર્તનનો એક નવો જ ઈતિહાસ સર્જાયો હતો. તે ખૂની કેદીઓના જીવન પરિવર્તનની સત્યઘટનાઓને આવરી લેતું તેમનું 'ક્ષમાપના' પ્રવચન પણ વિશ્વના અનેક દેશોમાં અત્યંત લોકપ્રિય અને અસરકારક પૂરવાર થયું છે.

આ પ્રવચન સાંભળીને કે તેની કેસેટો સાંભળીને અનેક પરિવારોમાં સંઘર્ષ અને અશાંતિની જગ્યાએ શાંતિના સરોવર લહેરાતાં થયાં છે અને જીવન પરિવર્તનના રોમાંચક કિસ્સાઓ સર્જાયા છે તેની જાણ કરતા અનેક પત્રો અને પ્રસંગો પૂજ્યશ્રીને હંમેશા મળતા જ રહે છે. જીવન પરિવર્તનના આવા થોડા નમુનારૂપ પત્રો અમે અહિં રજૂ કરીએ છીએ.

**સંપાદક**

## મહાવીરનો સંદેશ વિશ્વના ખૂણે ખૂણે પહોંચ્યો છે.

''બંધુત્રિપુટી તરીકે જાણીતા જૈન મુનિવરોએ મુંબઈમાં 'ક્ષમાપના' વિશે એક હૃદયસ્પર્શી પ્રવચન આપ્યું. એ પ્રવચનની વિડીયો કેસેટ ઉતારવામાં આવી. આ વિડીયો કેસેટ ભગવાન મહાવીરનાં ત્યાગ, પ્રેમ અને ક્ષમનો સંદેશ વિશ્વમાં ફેલાવી રહી છે.

જૈનો અને જૈનેતરોમાં કલુષિત કુટુંબોમાં એ બંધુત્રિપુટી મુનિવરોએ અને તેમની ક્ષમાપના કેસેટે ચમત્કારો સર્જયા છે. જૈન સમાજ જેવા રૂઢિચુસ્ત સમાજમાં આ કેસેટ એ જબરદસ્ત ક્રાંતિકારી પગલું છે.

આ કેસેટ થોડા સામ્યવાદી દેશોને બાદ કરતાં યુરોપ, અમેરિકા, આફ્રિકા અને ઈઝરાયલ જેવા દેશોમાં અનેકવાર જોવાઈ છે. અરે, દુબઈ જેવા ચુસ્ત ઈસ્લામિક રાષ્ટ્રમાં પણ આ કેસેટની ૩૦૦ જેટલી કોપીઓ પહોંચી ગઈ છે. અને તેનાં પ્રભાવે અનેક પરિવારોમાં સ્નેહ અને શાંતિનાં સરોવર છલકાયા છે.

મહાવીરનો ક્ષમા અને પ્રેમનો સંદેશ વિશ્વનાં ખૂણે ખૂણે પહોંચ્યો છે.''

**- નટુભાઈ ઠક્કર**

'સંદેશ' દૈનિકમાંથી સાભાર

**અમારા પર્યુષણ સફળ થયા.**

"અહીં વલવન ગામમાં શ્રી ચંદ્રપ્રભુજીનું દેરાસર છે અને મારવાડી સમાજના થોડા ઘર છે. આપસમાં એક બીજાના મનદુઃખના કારણે આ વર્ષે પર્વ પર્યુષણની ઉજવણી પણ મુલતવી રહેલ અને ભાદરવા સુદ ૧ ના ૧૪ સુપન ઉતારવાનું પણ મુલતવી રહી ગયેલ.

થયેલા મનદુઃખનું સમાધાન કરવા તથા સાંવત્સરિક પ્રતિક્રમણ સામુદાયિક રીતે કરવા ચર્ચા-વિચારણા ચાલુ હતી. પણ ઉકેલ આંવતો નહોતો.

લોનાવાલામાં રહેતા સુરેશ નોવેલ્ટીવાળાને આ ખબર પડી. તેઓ આપશ્રીના 'ક્ષમાપના' વ્યાખ્યાનની વિડીયો કેસેટ, ટી.વી. તથા વિડીયો પ્લેયર લઈને વલવન આવ્યા. ભાદરવા સુદ ૩ ના રાતના ૯ થી ૧૨ વાગ્યા સુધી ઉપાશ્રયમાં સહુને ભેગા કરી ક્ષમાપનાની કેસેટ બતાડી. તેની અસર શ્રાવક-શ્રાવિકા તથા નાના મોટા બધા પર ખૂબ સારી પડી.

કેસેટ પૂરી થતાં ગામના અગ્રણી કાર્યકરોએ સહુને સમજાવ્યા. છેવટે ગઈકાલે ભાદરવા સુદ ૪ ને બુધવારે બપોરે ત્રણ વાગે સંઘમાં સમાધાન થઈ ગયેલ છે. સકલસંઘે ભેગા થઈ ૧૪ સુપનની બોલી બોલાવી, સુપન ઉતાર્યા અને પછી તુરત સાંવત્સરિક પ્રતિક્રમણ પણ કરેલ છે.

આમ આપના પ્રવચનથી અમારા પર્યુષણ સફળ થયા.

**- સોમચંદ માલસી**

વલવન, લોનાવાલા

**ખરા અંતઃકરણથી ખમાવ્યા છે.**

"આપના ક્ષમાપના પ્રવચનની ટેપ સાંભળીને સર્વ જીવો પ્રત્યે મૈત્રીનો ભાવ ઉત્પન્ન થયો. મારે નજીકની સહવાસી ત્રણ સાધ્વીજીઓ સાથે સંઘર્ષ થઈ ગયેલ. જેથી એમના મનને મેં ઘણું દુ:ખ પહોંચાડેલ અને તે બદલ કયારેય પણ સાચા હૃદયથી ક્ષમા યાચી નથી. પર્યુષણ પણ એમ જ ચાલ્યા ગયા.

હમણા ભાદરવા સુદ : ૧૪/૧૫ના બે દિવસ આપનું ક્ષમાપનાનું વ્યાખ્યાન સાંભળ્યું. (અમારા એક શ્રાવક અહીં ઉપાશ્રયમાં ટેપ લઈ આવ્યા હતા અને સંઘને સંભળાવી હતી ત્યારે અમે પણ સાંભળી) ક્ષમાપનાના ભાવ ઉત્પન્ન થયા ને એ ત્રણેય આત્માઓને મેં ક્ષમાપનાના પત્રો લખી નાખ્યા છે ને ખરા અંતઃકરણથી ખમાવ્યા છે.

પરંતુ આવા પવિત્ર ભાવો હંમેશા મારા જીવનની અંદર રહેશે કે કેમ તે મને પોતાને જ શંકા છે. મને કષાયોનો ખૂબ જ ડર લાગે છે. કયારે મારી ઉપર હુમલો કરી નાખે એ કલ્પી શકતી નથી. માટે આપની પાસે આજે આત્મરક્ષાની ભીખ માંગું છું. આશીર્વાદ આપશો ને ?"

**- એક મહાસતીજી**

કચ્છ

## આપે ક્ષમા ધર્મનો ઝંડો ફરકાવ્યો છે.

"આપની વિડિયો કેસેટમાં ક્ષમાપના વિષે આપનું પ્રવચન સાંભળ્યું. હૃદયના દ્વાર ખૂલી ગયા ! દિલને હચમચાવી દે એવું એ પ્રવચન સાંભળીને ખરેખર અમને ઘણો આનંદ થયો ને અનેરી પ્રેરણા મળી છે જે શબ્દોમાં વર્ણવવાની મારી કોઈ તાકાત નથી.

સાહેબજી, અમારા શ્રાવકજી એવા જીદ્દી સ્વભાવના છે કે કયારેય કોઈની વાત ન માને. આપની કેસેટ જોવા પણ ખરેખર તો તેઓ આવવાના જ નહોતા. પણ તેમના ફ્રેન્ડ તેમને આગ્રહ કરીને તેડી આવ્યા. અને અમારા કર્મ કંઈ તૂટવાના હશે તે આપની કેસેટ જોયા પછી તેમના મનમાં પરિવર્તન આવ્યું !

૧૦-૧૦ વર્ષથી કાકા-કાકી-ફૈબા વિગેરે અનેક અનેક કુટુંબીઓ સાથે અબોલા હતા. તે કેસેટ જોયા પછી તુરત ફોન પર સહુની ક્ષમા માગી લીધી. પછી રૂબરૂ પણ મળીને બધા સાથે આનંદથી હસ્યા, બોલ્યા અને મોજમજા કરી. ૧૦ વર્ષના અબોલા છૂટયા અને સૌ સારાવાના થઈ ગયા.

તેઓ પણ સહુ લાગણીશીલ બની ગયા, આનંદવિભોર થઈ ગયા ને કુટુંબમાં વાત્સલ્યનું એક ઝરણું ફૂટયું ! કુટુંબના એક એક સભ્યને પણ આશ્ચર્ય થયું કે આ શું ?

આપનો જુસ્સો, આપની મધુર વાણી અને કોઈને પણ મગજમાં ઉતરી જાય તેવી આપની શૈલી અવર્ણનીય છે. અમારા જેવા તો અનેક કુટુંબો આપે તાર્યા હશે ! ખરેખર, આપે તો ક્ષમાધર્મનો ઝંડો ફરકાવ્યો છે."

**- દક્ષાબેન કોઠારી**

ગોંડલ

**પ્રવચન સાંભળીને મારા જૈન મિત્રે માંસાહારનો ત્યાગ કર્યો છે.**

"અમારે ત્યાં આપ પધાર્યા અને અમોએ પ્રભાવના રૂપે 'ક્ષમાપના' નામની પુસ્તિકા અમારે ત્યાં આવેલ સહુ ભાવિકોને પ્રભાવનારૂપે આપી.

આપની શકિત કે મહાવીર સ્વામીના આદેશોએ એક ચમત્કાર કર્યો. મારા એક મિત્ર કે જે વણિક અને જૈન છે. તેઓ વર્ષોથી ખોરાકમાં વધારેમાં વધારે માંસાહારનો ઉપયોગ કરતા હતા. જીવતા પુશપક્ષીને મારી તેનું ભોજન હાથે બનાવીને પોતે ખાય અને મિત્રોને પણ ખવડાવે. આ મિત્રને માંસાહાર છોડાવવા માટે મેં ઘણા પ્રયત્નો કરેલા, વર્ષોની મહેનત છતાં કાંઈ પરિણામ આવ્યું નહિ. સુધરવાને બદલે તે મિત્રે તેના છોકરાઓ અને ભાઈ-બહેનને પણ માંસાહાર તરફ આકર્ષ્યા. પણ... અમારે ત્યાં યોજાયેલા આપના બે દિવસના પ્રવચન સાંભળીને તથા આપની ક્ષમાપનાની પુસ્તિકા વાંચ્યા પછી તેમણે માંસાહારનો ત્યાગ કર્યો છે અને શુદ્ધ શાકાહારી બન્યા છે. માંસાહાર વગર એક પણ દિવસ ન ચલાવી લેનાર મારા મિત્ર છેલ્લા દસ દિવસથી શાકાહારી બની ગયા છે. આ બધો યશ આપને જાય છે.

જૂની રૂઢીઓ અને ઘરેડની વાતોમાં અટવાયેલા જૈન સમાજને મારે નમ્રપણે કહેવું છે કે આપના જેવા તેજસ્વી સાધુઓને સંપ્રદાયના નાના-નાના બંધનોમાં ન બાંધી રાખે, પરંતુ ભગવાન મહાવીરનો ધર્મ-સંદેશ આપના દ્વારા વિશાળ દુનિયાને મળતો રહે તે માટે જાગ્રત બની જૈનધર્મના પ્રચારમાં નક્કર ફાળો નોંધાવે."

**- હિંમત ભાયણી**

'અભિષેક'ના તંત્રી, મુંબઈ

**છૂટાછેડાને બદલે સુખદ સમાધાન.**

"આપની અપૂર્વ વાણીનો લાભ ત્રિશલાનગરમાં પ્રત્યક્ષ લીધો. નિરવધિ આનંદ સાથે જીવ ભવસાગર તરવાની તૈયારી કરી રહ્યો છે. આપના આશીર્વાદ ઈચ્છું છું.

પરોક્ષ રીતે વિડીયો કેસેટો દ્વારા આપના વ્યાખ્યાનોનો લ્હાવો લઈએ છીએ. અહીં 'સહયોગ' વિડીયો કેસેટ લાયબ્રેરી ચાલે છે. તેમાં આપના પ્રવચનોની લગભગ બધી જ વિડીયો કેસેટો છે. અનેક જૈન-જૈનેતર જીવો તેનો લાભ લે છે. શું પામે છે ? તે કહેવાની જરૂર જ નથી. એમના રોજબરોજના જીવનમાં આવતા પરિવર્તન નાનાસૂનાં તો નથી જ.

થોડા દિવસ પૂર્વે અમેરિકાથી બે દંપતી અહીંયા-ભારતમાં છૂટાછેડા લેવા માટે આવ્યા હતા. અમારા ઘરે મળવા આવેલા. ત્યારે તેમને આપના ક્ષમાપના વિશેના અત્યંત હૃદયસ્પર્શી પ્રવચનની તથા સહુને જીવન જીવવાની સાચી દ્રષ્ટિ આપતું પ્રવચન 'સહ જીવનની સફળતાનું મૂળ' ની વિડીયો કેસેટ બતાડી. આ કેસેટ જોઈને એમના અંતરમાં મનોમંથન જાગ્યું, આંખમાં આંસુઓની ધાર સાથે એમના વિચારો બદલાયા, પરસ્પર સમાધાન થયું અને પાછા સુસંવાદિત થઈને પરમાર્થે જીવન જીવી રહ્યા છે.

બસ, આપ જેવા સંતોના આશીર્વાદ અમારા સહુના જીવનને બળ આપે અને આપના કહેવા પ્રમાણે જીવન માત્ર જીવી જઈએ નહિ પરંતુ જીતી જઈએ એ જ શુભ કામના છે."

**- સુનીતા પરીખ**
પેડર રોડ, મુંબઈ

## તમારી વાણીએ નવો જ રાહ બતાવ્યો છે.

"તમારી 'ક્ષમાપના'ની વિડીયો કેસેટ જોઈને મારામાં ઘણું બધુ પરિવર્તન આવી ગયું છે. તમારી વાણીએ અમને સહુને નવો જ રાહ બતાવ્યો છે.

સંસારમાં પૈસા માટે ઘણીવાર ઝઘડા અને મનદુઃખ થતા હોય છે. મારા જીવનમાં પણ એવું જ બનેલું પરંતુ તમારી કેસેટ જોઈ ત્યારથી મારા વિચારો બદલાઈ ગયા છે અને પિતાજીની મિલ્કતમાંથી ભાગ ન લેવો પરંતુ ત્રણેય નાના ભાઈઓને આપી દેવો તેવો મનોમન સંકલ્પ કરી લીધો છે.

મારી પત્ની બ્રાહ્મણ હોવા છતાં પણ આપની વાણી સાંભળીને આપના માટે ખૂબ ખૂબ આદર ધરાવતી થઈ ગઈ છે."

- **મહેન્દ્રકુમાર બી. શાહ**

## કુટુંબમાં આનંદ છવાઈ ગયો.

"હું દરરોજ આપના પ્રવચનો સાંભળવા આવતો હતો. 'શાંત સુધારસ'ના પ્રવચનો શરૂ થયા તે સાંભળીને મનને ખૂબ શાંતિ થવા લાગી.

ત્રણ વર્ષથી મારા ભાઈઓ સાથે મનદુઃખ થયેલ. એક બીજાને બોલવાનો વ્યવહાર પણ ન હતો. પરંતુ આપનું ક્ષમાપનાનું પ્રવચન સાંભળતાં જ મનમાં નક્કી કરી લીધું કે ભાઈના ઘરે જઈ ખમાવી આવું અને હું તથા ઘરના સર્વે ખમાવી આવ્યા. ભાઈ પણ અમારે ત્યાં આવીને ખમાવી ગયા. આમ આપના આશીર્વાદથી અમારા કુટુંબમાં આનંદ છવાઈ ગયો."

- **ચીમનલાલ વિસનજી મહેતા**, માટુંગા, મુંબઈ

**વીશ વર્ષના અબોલા છૂટી ગયા.**

"મુંબઈમાં ૪૫ વરસ સુધી અમે જેમની સાથે દુકાનમાં ભાગીદાર હતા. મારા પતિ અને એમના ભાગીદાર વચ્ચે પરસ્પર ભાઈ જેવો સ્નેહ હતો. પરંતુ ભાગીદારની પત્ની મારી સાથે અવાર નવાર ઝઘડા કરતી ત્યારે હું લગભગ મૌન ધારણ કરતી. પણ એક દિવસ મૌન ન રહેવાયું, અને ક્રોધ-શત્રુએ મારૂં ભાન ભૂલાવ્યું. અને જોરદાર ઝઘડો થઈ ગયો. ત્યારથી અમારા અબોલા થઈ ગયા.

હમણાં માટુંગામાં 'ક્ષમાપના' નું આપનું વ્યાખ્યાન સાંભળીને મારૂં હૃદય એકદમ પીગળી ગયું અને અમારા ભાગીદારની પત્ની સાથે લગભગ ૨૦ વર્ષથી જે અબોલા હતા તે છૂટી ગયા.

સંવત્સરીના દિવસે આપના મંગલમુખેથી બારસા સૂત્ર સાંભળીને તરત જ અમે બે તથા અમારા બે છોકરાઓ બધા સાથે મળીને અમે તેમને ખમાવવા માટે ગયા. અને મન-વચન-કાયાના ત્રિકરણ યોગે ખમાવી આવ્યા. પછી જ ઘરે ગયા. અને તેઓ પણ બીજે દિવસે, ૨૦ વર્ષ બાદ અમારા ઘરે આવ્યા ને બધાએ સાથે ચા-પાણી પીધા.

આમ અમારા કૌટુંબિક કલેશનો ૨૦ વર્ષે અંત આવ્યો."

**- વિમળાબેન વોરા**
મુંબઈ

## કેનેડાના જૈન અગ્રણીનો પત્ર

"જાપાન જૈન સંઘે એક લાયબ્રેરી શરૂ કરી છે. ત્યાં મેં આપની 'ક્ષમાપના' પ્રવચનની ગુજરાતી પુસ્તિકા મોકલાવેલ છે.

આ પુસ્તિકાનું અંગ્રેજી ભાષાંતર પ્રગટ થાય તો વિદેશની જનતાને બહુ ઉપયોગી નિવડશે. જૈન શાસનનો મહિમા વધારવામાં તથા ભગવાન મહાવીરનો પ્રેમ અને ક્ષમાનો સંદેશો ફેલાવવામાં મહત્વનો ભાગ ભજવશે. ખ્રિસ્તી ધર્મમાં પણ ક્ષમાપના છે પણ જ્યારે તેઓ આ પુસ્તિકા વાંચશે ત્યારે તેઓને જીવનનું નવું જ માર્ગદર્શન મળશે. માટે 'ક્ષમાપના' પુસ્તિકાનો વહેલી તકે અંગ્રેજી અનુવાદ કરાવી તેને પ્રગટ કરવા વિનંતી છે.

આજે ભારત બહાર વિદેશોમાં ત્રણેક લાખ જૈનોનો વસવાટ છે. ગમે તે કારણો હોય પણ ભારતના જૈન સમાજે તથા પૂજ્ય મુનિ ભગવંતોએ પરદેશ વસતા આ ભાંડુઓ પ્રત્યે ઉપેક્ષા બતાવી છે. અને તેના કારણે અનેક લોકો વિધર્મ તરફ ખેંચાઈ રહ્યા છે.

આપે આ વાતને ધ્યાનમાં લઈને અમેરિકા-કેનેડાના જૈન સંઘોની વિનંતિ સ્વીકારીને આ વર્ષે અત્રે પધારી રહ્યા છો તે જાણીને અમને સહુને આનંદ થયો છે.

આપ અત્રે પધારો ત્યારે ટી.વી ઉપર આપના ઈન્ટરવ્યુ ગોઠવવાની પણ મારી ઈચ્છા છે."

**- મગનલાલ જે. શાહ**

ટોરન્ટો, કેનેડા

**પ્રવચન મારા હૃદયને પીગળાવી ગયું.**

"ગમે તેવા પાષાણહૃદયને પણ હચમચાવીને પીગળાવી દેતું આપશ્રીનું ક્ષમાપનાનું એ પ્રવચન મારા હૃદયને પણ પીગળાવી ગયું, અને મારા સાઢુભાઈ લાલજી કાનજી સાથેના લગભગ અઢી વર્ષના અબોલા તૂટી ગયા. નાના એવા કારણસર થયેલ એ અબોલાની ગાંઠ ધીરે ધીરે એવી મજબુત થતી ગઈ કે છેલ્લે છેલ્લે મેં નક્કી કરી નાખ્યું હતું કે બંને કુટુંબો વચ્ચેનો સંબંધ પણ બિલકૂલ તોડી નાખવો. અને ત્યાં જ અનાયાસે આપશ્રીના એ પ્રવચને 'મિત્તી મે સવ્વભૂએસુ'ની અનુભૂતિ કરાવી અને અમારું સંવત્સરીનું પ્રતિક્રમણ લેખે લગાડયું."

- **પુનશી શીવજી**
મુલુંડ, મુંબઈ

❏

## मुझे एक नई जिंदगी मिली है ।

"मैं कुछ दिनो पहिले बम्बईमें आपसे मिला था। आपके ईस सत्संगने मेरे नास्तिक मनमें धर्मश्रद्धाके बीज पैदा कीये हैं।

मैं आपके क्षमापना प्रवचनकी विडीयो कैसेट तथा टेपरिकार्डरकी कैसेट भी लाया था । मैंने उसे कई बार सुना, और ईसीके प्रभावसे संवत्सरी प्रतिक्रमणके ठीक ३० मिनिट पहिले मैं अपने अहंकारको थोडा सा तोड पाया ।

संवत्सरी प्रतिक्रमण करनेके ३० मिनिट पहिले मैं अपने उन दो दोस्तों के पास गया, जिनसे पिछले कुछ दिनों पहिले ही मेरा मनदुःख हो गया था । मैंने उनसे हाथ जोडा, पैर पकडकर माफी

मांगी कि "भाई! पिछली बातोंके लिए मैं दिलसे बहुत दुःखी हुं और उन बातोंके लिए तुम मुजे माफ कर दो"। परंतु मेरे उन दोनों ही दोस्तोने मेरी माफी मांगनेको एक झूठा नाटक समझा तथा कहने लगे 'यार, यह सब नाटक करनेकी कोई जरूरत नहि है ।

मेरे अंतःकरणमे थोडे टाईम के लिए अन्तर्द्वन्द्व पैदा हो गया । फिर भी मैं आपको, आपकी कैसेट के शब्दोको याद करके जीत गया । और शान्तिसे उन्हे कहा कि मैं आज सालभरकी पूजा (प्रतिक्रमण) करने जा रहा हुं, तुम मुझे माफ कर दो । तब जाकर उन्होंने बडे अनमने ढंगसे मुजे माफी दी।

गुरुदेव ! मुझे आपको लिखनेमें अत्यन्त हर्ष हो रहा है कि उनके उस ढंगसे माफी देनेके बाद भी मेरा यह प्रतिक्रमण मेरे लिए आत्मबोध बन गया । मैं आपको पूरी सत्यतासे लिख रहा हुं कि मैंने अपना यह प्रतिक्रमण शान्ति, हृदयकी उदारता, एकाग्रता और तन्मयताके साथ किया । प्रतिक्रमणके बाद मुझे एसा लगा, जैसे मुझे एक नई जिंदगी मिल गई है । ईस नई जिंदगी को देनेका पुरा श्रेय आपको है । और ईसे अधिक मजबुत बनानेका दायित्व भी आपका है । आपके आशीर्वादकी आशा रखता हुं।"

- दिनेश जैन

सतना, म.प्र.

# अगर आप जैसे मुनिवर हमारे मार्गदर्शी हो तो.....

"...मैने अभी आपका जाहिर प्रवचन 'क्षमापना' विडीओ द्वारा देखा और सुना । वह भी एक बार नहि, कई बार । और अनेक बार सुननेकी चाह है । आपके ईंस प्रवचनने मेरे मस्तिष्क को झंझोडकर रख दिया है । आपकी मधुर वाणी मेरे हृदयमे ही नहि मेरे रोमरोममें प्रवाहित हो गईं है । मैं वाकई सोच रहा हूं की हम जैसों को महावीर के अनुयायी कहलानेका अधिकार नहि है । भले ही हम जन्मसे जैन हों पर कर्म से नहि । अगर आप जैसे मुनिवर हमारे मार्गदर्शी हों तो मेरे जैसे सेंकडो अज्ञानीजन अहिंसाके मार्ग पर चल पडेंगे तथा अपने जीवनका सही मूल्यांकन कर सकेंगे ।

मैं विश्वास करता हूं की अगर मैं ओर मेरे जैसे युवक यदि आपके संपर्कमे आयें तो वह अपने आपको जैन बनाने योग्य बना सकेंगे । अन्यथा अपना अमूल्य जीवन युं ही व्यर्थ व्यतीत करेंगे । ईस उत्तम कुलमें जन्म लेने के बाद हम अगर अैसे मुनिवरों की वाणी से वंचित हो जाएं तो मैं समजता हूं की अपने जीवनमें बहुत कुछ खो दिया है । ईस लिये जिनेश्वर प्रभु से प्रार्थना करता हूं की अैसे मुनिवर हमारे समाजमें अग्रेसर हो कर जैन धर्मको ही नहि, समस्त हिंदु संस्कृतिको उपर उठाये... मैं आपके दर्शन की ईंच्छा रखता हूं । मुझे आपके अगले पावन प्रवचन की हमेशा प्रतिक्षा रहेगी । मेरी श्रद्धा के पुष्प, हे भगवन्त! मै आपके चरणोमें अर्पित करता हूं । ईसे स्वीकर करना ।"

- **कान्ति जैन**
बेलारी, कर्णाटक

# પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ : એક પરિચય

જ્ઞાન, પ્રેમ અને આનંદની મૂર્તિસમા પૂજ્ય જિનચંદ્રજી મહારાજના અંતરમાંથી વહેતી જ્ઞાનગંગાને.. એમની હૃદયસ્પર્શી મધુરવાણીને પુસ્તકો દ્વારા અને ઓડિયો-વિડીયો સી.ડી. અને ડી.વી.ડી દ્વારા ઘર-ઘરમાં પહોંચાડવાનું કાર્ય 'પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ' દ્વારા છેલ્લા ૨૫ વર્ષથી થઈ રહ્યું છે.

અત્યાર સુધીમાં પૂજ્યશ્રીના પ્રેરણાદાયી પ્રવચનોની ૩૦૦ થી પણ વધુ ઓડિયો કેસેટો, લગભગ ૧૦૦ જેટલી વિડીયો કેસેટો તથા ઓડિયો સી.ડી., વિડીયો સી.ડી. તેમજ એમ.પી.થ્રી. સી.ડી. આ ટ્રસ્ટ દ્વારા પ્રગટ થઈ ચૂકી છે.

આજના યુગમાં ભારતીય સંસ્કૃતિના મંગલમય તત્વોને તથા માનવ માત્ર માટે ઉપયોગી એવી પ્રભુ મહાવીરની વાણીને અમે દેશ વિદેશમાં ગૂંજતી કરી શક્યા છીએ તેનું અમને ગૌરવ છે. જ્ઞાન પ્રસારનું કાર્ય હજી વધુ સારી રીતે અને વ્યાપક રીતે કરવાની અમારી ઝંખના છે. અને તે માટે દેશ વિદેશના અનેક ભાવિકોનો ઉદારતાભર્યો સહયોગ અમને મળતો જ રહેશે તેવી શ્રદ્ધા છે.

'પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ'નું મુખ્ય કાર્યાલય તીથલ મુકામે શાંતિધામ આરાધના કેન્દ્રમાં આવેલું છે. પૂજ્ય બંધુત્રિપુટી મુનિવરશ્રી જિનચંદ્રજી મહારાજના પ્રવચનોની ઓડિયો-વિડીયો સી.ડી., ડી.વી.ડી. તેમજ પુસ્તકો વિગેરે સઘળું સાહિત્ય નીચેના સરનામેથી મળી શકે છે. જિજ્ઞાસુઓએ સંપર્ક કરવા વિનંતી છે.


**પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ, શાંતિધામ આરાધના કેન્દ્ર**

મુ. તીથલ - ૩૯૬ ૦૦૬, જિ. વલસાડ (દ. ગુજરાત)

ફોન : (૦૨૬૩૨) ૨૫૫૮૭૪ ફેક્સ : (૦૨૬૩૨) ૨૪૭૯૭૪

website : www.jinjimaharaj.com

e-mail : jinjimaharaj@yahoo.co.in

# ક્ષમાપના



**પ્રેરણા પ્રકાશન ટ્રસ્ટ**

શાંતિધામ આરાધના કેન્દ્ર

મુ. તીથલ (વલસાડ) - ૩૯૬ ૦૦૧.

ફોન : +૯૧ ૨૬૩૨ ૨૫૫૮૭૪ ફેક્સ : +૯૧-૨૬૩૨-૨૪૭૯૭૪

web: www.jinjimaharaj.com